RNI No. GUJGUJ/2008/26148

GARVI GUJARAT

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

તંત્રી : શ્રી અજયકુમાર રમણલાલ પ્રજાપતિ (અજય પટણી)

રજી. ઓફીસ : ટીએફ-૦૧, નાનકરામ સુપર માર્કેટ, રામનગર, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫, ગુજરાત, ભારત.

ફોન / ફેક્સ : (૦૭૯) ૨૭૫૭ ૩૩૦૭, ૯૦૧૬૩ ૩૩૩૦૭ (મો) ૯૩૨૮૩ ૩૩૩૦૭, ૯૮૨૫૩ ૩૩૩૦૭, Email : garvigujarat2007@yahoo.com • Email : garvigujarat2007@gmail.com • Website : www.garvigujarat.co.in

વર્ષ : 11 | અંક : 182 | તા. 13-03-2019, બુધવાર | વિ. સં. 2075 | ફાગણ સુદ-07 | પાના : 04 | કિંમત : 00.50 પૈસા

૨૦૧૯માં કોંગ્રેસ સત્તા પર આવશે તો ૧૦ દિવસમાં ખેડૂતોનું દેવુ માફ

અનિલ અંબાણી કાગળનું વિમાન પણ નથી બનાવી શકતા, અમે મસૂદ અઝહરને પકડ્યો, તમે તેને પાકિસ્તાન મુકી આવ્યા, મોદી સરકારે ઉદ્યોગપતિઓનું દેવુ માફ કર્યું પણ ખેડુતોનું નહીં

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૨ કોંગ્રેસની ૫૮ વર્ષ બાદ ગુજરાતમાં કારોબારી સમિતિની બેઠક મંગળવારે યોજાઈ. શાહીબાગ સ્થિત સરદાર સ્મારક ખાતે કોંગ્રેસના સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કોંગ્રેસના મોવડીમંડળના નેતાઓની ઉપસ્થિતિમાં કારોબારી બેઠક મળી હતી. અડાલજના ત્રિમંદીર ખાતે યોજાયેલી કોંગ્રેસની જન સંકલ્પ રેલીમાં કોંગ્રેસ અધ્ય રાહુલ ગાંધીએ હુંકાર ભર્યો હતો. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં નરેન્દ્ર મોદી અને નફરતની હાર થશે. રાહુલ ગાંધી સભામાં કહ્યું કે ઈતિહાસમાં પ્રથમ વાર સુપ્રીમ કોર્ટના ચાર જજ પત્રકારો પાસે જઈને કહે છે, અમને કામ કરવા દેવામાં નથી આવતું. ત્યારબાદ જજ લોયાનું નામ લે છે. સામાન્ય રીતે જનતા સુપ્રીમ કોર્ટ પાસે ન્યાય માટે જાય છે. આજના ભારતમાં સુપ્રીમ કોર્ટના જજ જનતા પાસે ન્યાય માંગે છે. આ ફક્ત સુપ્રીમ કોર્ટ સાથે નથી થઈ રહ્યું, દેશની સંસ્થાઓ પર આક્રમણ શરૂ છે, લોકોને વહેંચવામાં આવી રહ્યાં છે, નફરત પ્રસરાવામાં આવી રહી છે. દેશના સાચા પ્રશ્નો ૪૫ વર્ષની સૌથી ઊંચી બેરોજગારી છે. વડાપ્રધાન મેક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપની વાત કરે છે, પરંતુ હકિકત એ છે કે દેશનો યુવાન અલગ અલગ પ્રદેશોમાં રોજગાર શોધવા ફરી રહ્યો છે. ૪૫૦ યુવાનોનો નરેન્દ્ર મોદી સરકાર ૨૪ કલાકમાં નોકરી આપે છે. ગુજરાતની ચૂંટણીમાં અમે ખેડૂતોની વાત કરી ખેડૂતોએ અમને સહકાર આપ્યો. ખેડૂતોની સમસ્યા મોદીજી ૩,૨૫, ૦૦૦ કરોડ દેશના ઉદ્યોગપતિ ઓના માફ કરી શકે છે, પરંતુ ખેડૂતોનું દેવું માફ નથી કરી શકતા. અરૂણ જેટલી કહે છે, ખેડૂતોને દેવું માફ કરવું અમારી પોલિસી નથી. જો પાક નિષ્ફળ જાય તો પણ ફાયદો ઉદ્યોગપતિઓને થાય છે. રાજસ્થાન, છત્તીસગઢ, મધ્ય પ્રદેશમાં મેં સ્પષ્ટ કહ્યું હતું તે અમે માફ કર્યુ, જો નરેન્દ્ર મોદી ૩,૧૫,૦૦૦ ખેડૂતોના માફ કરી શકે તો અમે ખેડૂતોનું દેવું માફ કરી દઈશું. અમે ખેડૂતોના પૈસા માફ કરી દઈશું. વડા પ્રધાન કહે છે કોંગ્રેસ ખોટું બોલે છે. કોંગ્રેસે ૨ દિવસમાં આ રાજ્યોમાં ખેડૂતોનું દેવું માફ કર્યુ, મને દુખ છે કે અમે ગુજરાતના ખેડૂતોને દેવું માફ કરી ન શક્યા. નોટબંધી વડાપ્રધાને કોઈને પૂછ્યા ગાછ્યા વગર નોટબંધી કરી, ગુજરાતના વેપારીઓની જે અસ્મિતા છે. નાના વેપારીઓ જે તમારી કરોડરજુ છે, તેને નરેન્દ્ર મોદીએ એક દિવસમાં કમર ભાંગી નાંખી. જે ભીડ બેંક સામે ઉભી હતી ત્યાં તમે અનિલ અંબાણી, નિરવ મોદી, મેહુલ ચોક્સી હતા? નહીં? શું તમારા ખાતામાં ૧૫ લાખ આવ્યા નહીં? જીએસટી વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે જીએસટી એટલે કે ગબ્બરસિંહ ટેક્સ એક જ હશે પરંતુ તે ૫ ટેક્સ હતા. ૨૦૧૯માં જેવી અમારી સરકાર બનશે અમે તમને એક ટેક્સ વાળું જીએસટી આપીશું. વડાપ્રધાન મોદી સાચા મુદ્દાની વાત કરવા નથી માંગતા. ચોકીદાર.. મેં ચોકીદાર શબ્દ કીધો તમે જવાબ આપ્યો. નરેન્દ્ર મોદી દરેક રાજ્યોમાંથી દેશભક્તિની વાત કરે છે. તેઓ કહે છે હું દેશભક્ત છું. રાફેલ નરેન્દ્ર મોદી વાયુસેનાની પ્રસંશા કરે છે પરંતુ તે દેશને એવું નથી જણાવતા કે નરેન્દ્ર મોદીએ વાયુસેનાના ખિચ્ચામાંથી ૩૦,૦૦૦ કરોડ ચોરી અનિલ અંબાણીના ખિસ્સામાં નાંખ્યા છે. યુપીએ વખતે મનમોહનસિંહ અને અન્ટની જીએ ૧ રફાલ પર૬ કરોડમાં સોદો કર્યો હતો. એચએએલને રફાલનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. અનિલ અંબાણીએ જીવનમાં પ્લેન નથી બનાવ્યા. બેંકના ૪૫,૦૦૦ કરોડનું દેવું છે. એચએએલ કંપનીએ ૩,૦૦૦ કરોડ પોતાના પૈસા દેશને આપ્યા છે. અનિલ અંબાણી કાગળનું પ્લેન નહીં બનાવી શકે. ભ્રષ્ટાચાર મોદીજીએ વડાપ્રધાન ભ્રષ્ટાચાર વિશે કહ્યું હતું કે અમે ભ્રષ્ટાચાર કાઢીશું. સંરક્ષણ મંત્રાલયના કાગળોમાં લખ્યું છે કે વડાપ્રધાન મોદીએ ફ્રાંસ સાથે સમાંતર વાટાઘાટો કરી. પુલવામા પુલાવામાં મસૂદ અઝહરે બોમ્બ ધડાકા કર્યા. આ મસૂદ અઝહરને હિંદુસ્તાનની જેલથી પાકિસ્તાન કોણે મોકલ્યો, ભાજપે, વાજપેયીની સરકારે, ખાસ વિમાનમાં તેમને પૈસા આપીને મોકલ્યો હતો. તમારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ડોભલજી તેમના ગાર્ડ બની કંદાહર ગયા હતા. ૪૦-૪૫ શહીદોને જેણે માર્યા તેને તમે ભારતમાંથી કેમ મોકલી આવ્યા હતા. દેશભક્તિની વાત કરો છો, તેની વાત કરો મસૂદ અઝહરને કોણે મોકલ્યો, મસૂદને અમે પકડ્યો હતો. એરપોર્ટ જે દિવસે પાકિસ્તાન સાથે લડાઈ થઈ રહી હતી ત્યારે નરેન્દ્ર મોદીએ તેમના મિત્રને ૫ એરપોર્ટ આપી દીધા. મોદીજી બે હિંદુસ્તાન બનાવવા માંગે છે, તેમના ઉદ્યોગપતિ મિત્રોનું એક હિંદુસ્તાન બીજું તમારા માટે ગબ્બરસિંહ ટેક્સ, નોટબંધી, આત્મહત્યા, ભ્રષ્ટાચાર યુક્ત ભારત. તમારા ખિસ્સાના પૈસા ઉદ્યોગપતિ ઓને જાય છે. નીરવ મોદી કાલે હું છાપું વાંચી રહ્યો હતો કે ઈંગ્લેન્ડની સરકારે નીરવ મોદીની માહિતી માંગી સરકારે માહિતી ન મળી. અમે

૨૦૧૯માં ઐતિહાસિક કામ કરવા જઈ રહ્યાં છે. જો મોદી સરકાર અમીર સરકારે અમીર લોકોને પૈસા આપી શકે છે, ૨૦૧૯માં અમારી સરકાર બનશે આખા દેશમાં દરેક પ્રદેશમાં કોંગ્રેસ ગેરન્ટેડ મિનિમમ ઈનકમ આપશે. દરેક નાગરિકને ગેરેન્ટેડ મિનિમમ આવક આપશે. ઐતિહાસિક કામ છે, કોંગ્રેસ પાર્ટી કરી શકે છે.

રાહુલ ગાંધીને શીખવાડવામાં આવે તેટલું જ બોલે છેઃ યોગી આદિત્યનાથ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૨ પુલવામા આતંકી હુમલાની જવાબદારી લનાર આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો પ્રમુખ મસૂદ અઝહરને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મસૂદ અઝહર 'જી' બોલો, જેને લઈ ટીકાઓ શરૂ થઈ ગઈ છે. રાહુલ ગાંધીનો આ વીડિયો મોદી સરકારની મંત્રી સ્મૃતિ ઈરાનીએ તેમના ટ્વિટર એકાઉન્ટ પર પોસ્ટ કર્યો છે. સ્મૃતિ ઈરાનીની પોસ્ટને રીટ્વિટ કરતા ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. યોગી આદિત્યનાથે ટ્વિટ કર્યું છે, 'રાહુલ ગાંધી તેટલું જ બોલે છે, જેટલું તેમને શીખવાડવામાં આવ્યું છે. જે લોકો આતંકવાદીઓને બિરયાની ખવડાવે છે, આજે તે સેનાના શૌર્યના પુરાવા માગી રહ્યાં છે.' સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીની તુલના પાકિસ્તાનથી કરી છે. સ્મૃતિ ઈરાની રાહુલ ગાંધીનો વીડિયો ટ્વિટ કરી લખ્યું, રાહુલ ગાંધી અને પાકિસ્તાન વચ્ચે શું સમાનતા છે? તેમનો આતંકીઓ પ્રત્યે પ્રેમ, કૃપ્યા આતંકવાદી મસૂદ અઝહર માટે રાહુલ જીની શ્રદ્ધા પર ધ્યાન આપો. એક અન્ય ટ્વિટ તેમણે ચૂંટણી કમિશન દ્વારા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ થયેલા વિવાદ પર કર્યું છે. વિવાદ ચૂંટણીની તારીખ અને રમજાન મહિનાને લઈને છે. સીએમ યોગીએ ટ્વિટ કર્યું છે કે મુસલમાન રમજાન ઉજવશે, તેમને રમજાન ઉજવવાથી કોણ રોકી રહ્યું છે. પર્વ અને તહેવાર તો ભારતની બંધારણીય પરંપરાનો ભાગ છે.

આજે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પમી અને અંતિમ વન-ડે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી, તા.૧૨ છેલ્લા ૪ મેચોમાં વિશ્વકપ માટે ટીમ સંયોજનના સમીકરણ બનવાની જગ્યાએ બગડ્યા બાદ હવે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ બુધવારે રમાનારા પમાં અને અંતિમ વનડે આંતરરાષ્ટ્રીય મેચમાં સિરીઝ જીતવાના લક્ષ્યની સાથે ફિરોઝશાહ કોટલા મેદાનમાં ઉતરશે. ભારતે જ્યારે આ સિરીઝમાં પગ મુક્યો ત્યારે માનવામાં આવી રહ્યું હતું કે, ઈંગ્લેન્ડ તથા વેલ્સમાં ૩૦ મેથી શરૂ થઈ રહેલા વિશ્વકપ માટે તેણે માત્ર ૨ સ્થાન નક્કી કરવા છે પરંતુ છેલ્લા ૪ મેચોમાં ટીમના કેટલાક નબળા પાસાં ઉભરીને સામે આવ્યા, જેથી વિશ્વકપ સંયોજનને લઈને થોડી અસ્પષ્ટતા બનેલી છે. પરંતુ તે સારૂ છે કે યોગ્ય સમય પર ટીમ મેનેજમેન્ટને તમામ પાસાંઓ પર મંથન કરવાનો સમય મળશે. ભારતની પાસે પ્રથમ ૨ મેચ જીત્યા બાદ પ્રયોગ કરવાની તક હતી પરંતુ તેણે ત્યારબાદ બંન્ને મેચ ગુમાવી દીધા, જેથી પમો મેચ નિર્ણાયક બની ગયો છે. તેવામાં વિરાટ તથા ટીમનું મુખ્ય લક્ષ્ય સિરીઝ જીતવાનું બની ગયું છે, કારણ કે તે છેલ્લા ત્રણ વર્ષોના પોતાના શાનદાર રેકોર્ડને યથાવત રાખવાનો પ્રયત્ન કરશે. ભારતે છેલ્લા ત્રણ વર્ષમાં જે ૧૩ દ્વિપક્ષીય સિરીઝ રમી છે, તેમાંથી ૧૨ જીતી છે. મોહાલીમાં ૩૫૯ રનના વિશાળ લક્ષ્યને હાસિલ કરીને રેકોર્ડ બનાવનાર ઓસ્ટ્રેલિયા પ્રથમ બે મેચ ગુમાવ્યા બાદ ૫ મેચોની સિરીઝ જીતનારી ટીમની વિશિષ્ટ શ્રેણીમાં સામેલ થવા પ્રયત્ન કરશે. કોહલી મોહાલી વનડેમાં ચોથા ક્રમે બેટિંગ કરવા આવ્યો હતો પરંતુ નિર્ણાયક મેચનું મહત્વ જોતા તે પોતાના હોમ ગ્રાઉન્ડમાં ત્રીજા સ્થાને ઉતરી શકે છે. રાહુલને વધુ એક તક મળવાની સંભાવના છે અને મેચની પરિસ્થિતિ પ્રમાણે તેનો બેટિંગ ક્રમ નક્કી કરાશે. ટીમ મેનેજમેન્ટ પરંતુ વિશ્વકપ પહેલા આ અંતિમ મેચમાં સતત સારૂ પ્રદર્શન કરતા વિજય શંકરને ચોથા નંબર પર અજમાવી શકે છે. શિખર ધવનનું ફોર્મમાં આવવું ભારત માટે સારા સમાચાર છે. આમ તો ધવનને લઈને ટીમ મેનેજમેન્ટ પહેલાથી જ ચિંતામાં નથી. પોતાના ઘરેલૂ મેદાન પર અત્યાર સુધી માત્ર એકવાર (ટી૨૦, વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ)માં પોતાના બેટથી કમાલ કરનાર આ બેટ્સમેન મોહાલીનું ફોર્મ જાળવી રાખવા ઈચ્છશે. દિલ્હીના દર્શકોને કોહલી પાસે પણ મોટી ઈનિંગની આશા રહેશે, જેણે કોટલા પર વનડે અને ટેસ્ટમાં એ-એક સદી ફટકારી છે. પંત પ્રથમવાર પોતાના હોમગ્રાઉન્ડ પર આંતરરાષ્ટ્રીય મેચ રમવા માટે ઉતરશે અને તે તેને યાદગાર બનાવવા અને વિકેટ પાછળ ભૂલ સુધારવા ઈચ્છશે. ભુવીએ ગત મેચમાં નિરાશ કર્યા હતા. શમી ફીટ હશે તો ટીમ મેનેજમેન્ટ તેને સ્થાન આપી શકે છે. ઓસ્ટ્રેલિયાની ટીમનું પ્રદર્શન ચડાવ-ઉતારવાળું રહ્યું છે પરંતુ વિશ્વકપ પહેલા તે સારી ટીમ લાગવા લાગી છે. ટોપના ક્રમમાં કેપ્ટન એરોન ફિન્ચ અને શોન માર્શનું અનિયમિત ફોર્મ ટીમ માટે ચિંતાનો વિષય હશે પરંતુ મધ્યમ ક્રમ અને નિચલા મધ્યમક્રમ માં પીટર હેંડ્સકોમ્બ, ગ્લેન મેક્સવેલ અને એશ્ટન ટર્નરની સકારાત્મક બેટિંગથી તેનું મનોબળ વધ્યું છે.

વારંવાર મોબાઈલ ચેક કરતા પતિને મહિલા કોન્સ્ટેબલે ગોળી મારી

(જી.એન.એસ)ભાટાપારા,તા.૧૨ છત્તીસગઢના ભાટાપારા વિસ્તારમાં ફરજ બજાવતી એક મહિલા પોલીસ અધિકારીને કોઈની સાથે આડો સંબંધ છે એવા શક પરથી એનો પતિ ઘડી ઘડી પત્નીનો મોબાઈલ ફોન ચેક કરતો હતો. આખરે ગુસ્સે થયેલી મહિલા પોલીસ અધિકારીએ પતિને ગોળી મારી દીધી હતી. જો કે પતિ મર્યો નથી,. હાલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ મહિલા પોલીસ ઈન્સપેક્ટર સુનીતા મીંજ અને એના પતિ દીપક શ્રીવાસ્તવે પ્રેમ લગ્ન કર્યા હતાં. છેલ્લા થોડા સમયથી દીપકને પત્ની પર શંકા જાગી હતી કે એને અન્ય વ્યક્તિ સાથે અફેર ચાલી રહ્યો છે. એટલે એ વારંવાર સુનીતાનો મોબાઈલ ફોન ચેક કરતો હતો. એની આ પ્રવૃત્તિથી સુનીતા અકળાઈ જતી હતી. એણે પતિને સમજાવવાના ખૂબ પ્રયાસો કર્યા પરંતુ દીપકના મનની શંકા દૂર થતી નહોતી. આખરે એક નાજુક ઘડીએ સુનીતા ઉશ્કેરાઈ ગઈ હતી અને પોતાની સર્વિસ રિવોલ્વર વડે પતિ પર ત્રણ ગોળીબાર કર્યા. સદ્ભાગ્યે એક્કે ગોળી એવી રીતે નહોતી વાગી કે પેલો સદાને માટે ઊકલી જાય.ત્ણ તર્ગોળીબાર કર્યો હતો. આવું કંઈ બનવાની પતિની અપેક્ષા નહોતી. હાજર રહેલા લોકોએ દીપકને બાબાસાહેબ આંબેડકર હૉસ્પિટલમાં દાખલ કર્યો હતો. રેલવે પોલીસ ફોર્સે સુનીતાની ધરપકડ કરી હતી. સુનીતાને સસ્પેન્ડ કરવામાં આવી હતી અને હાલ સુનીતા રાયપુર સેન્ટ્રલ જેલમાં સળિયા ગણી રહી છે.

લડાકૂ વિમાનો માટે પાક-ચીન સરહદ નજીક બનાવાશે ૧૧૦ મજબૂત શેલ્ટર

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૨ સરહદો પર થતાં સતત ફાયરિંગ અને મિસાઈલ હુમલાઓથી વાયુસેનાના લડાકૂ વિમાનોને બચાવવા માટે સરકારે પાકિસ્તાન-ચાઈના સરહદ નજીક ૧૧૦ મજબૂત શેલ્ટર બનાવવાની મંજૂરી આપી દીધી છે. સુત્રોના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટમાં ૫ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ નિર્માણકાર્ય તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. ત્યાર બાદ સેના પોતાના ફ્રન્ટલાઈન ફાઈટર જેટ્સ અહીં વગર કોઈ ચિંતાએ તૈનાત કરી શકશે. આ શેલ્ટરોમાં સુખોઈ-૩૦ પર રાખી શકાશે. તમને જણાવી દઈએ કે, હાલ પાક-ચીન સરહદ પર આ પ્રકારના શેલ્ટરોને અભાવે ભારતીય સેનાએ તેમના ફ્રન્ટલાઈન એરક્રાફ્ટને સરહદથી દૂર પાર્ક કરી રાખવા પડે છે. હવે શેલ્ટર બનવાને કારણે આ લડાકૂ વિમાનોને સરહદની એકદમ નજીક તૈનાત કરી શકાશે. ૧૯૬૫માં પાકિસ્તાન સાથે થયેલા યુદ્ધમાં ભારતીય વાયુસેનાએ તેમના કેટલાક વિમાનોને ગુમાવવા પડયા હતાં. તેમનું કારણ એ હતું કે, આ વિમાનો કોઈ શેલ્ટરના રક્ષણ વગર એરસ્ટ્રીપ પર તૈનાત કરવામાં આવ્યાં હતાં. ૧૯૬૫ પછીથી લડાકૂ વિમાનોના રક્ષણ માટે સરહદ પર આ પ્રકારે શેલ્ટર્સોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેથી દુશ્મનોના હુમલાથી બચી શકાય. આ શેલ્ટર્સ કાંક્રીટની મોટી દિવાલના બનેલા હોય છે, જે મોટા હુમલા સામે લડાકૂ વિમાનોને બચાવે છે. ઉલ્લેખનીય છે કે, પુલવામાં હુમલા બાદ ભારતીય વાયુ સેનાએ ૨૬ ફેબ્રુઆરીએ પાકિસ્તાન સ્થિત આતંકી કેમ્પો પર એરસ્ટ્રાઈક કરી હતી. ત્યાર બાદ ૨૭ ફેબ્રુઆરીએ પાકિસ્તાની વિમાનોએ ભારતીય સરહદમાં ઘુસણખોરી કરવાની કોશિશ કરી હતી. ભારતે વિશ્વને સ્પષ્ટ સંકેત આપ્યો કે, આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે તે કદી પાછળ નહીં હટે.

મુસાફર તેનું બાળક ભૂલી ગયો છે, અમે પરત ફરી શકીએ?' પાયલટનો ઓડિયો વાયરલ

(જી.એન.એસ)જેદ્દાહ,તા.૧૨ જેદ્દાહના કિંગ અબ્દુલ અઝીઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે એક વિમાને ઉડાન ભર્યાના થોડી જ મિનિટોમાં પરત ફરવું પડ્યું હતું. વિમાનમાં મુસાફરી કરી રહેલી એક માતા તેના બાળકને વેઈટિંગ લોંઝમાં જ ભૂલી ગઈ હતી. આ વાતની જાણ થતાં મહિલાએ વિમાનને ફૂને વિમાન પરત લેવાની વિનંતી કરી હતી. સામાન્ય રીતે કોઈ મોટી ઈમરજન્સીના કેસમાં વિમાનને પરત બોલાવવામાં આવતું હોય છે અથવા પાયલટ લેન્ડિંગ માટેની મંજૂરી માંગતો હોય છે. પરંતુ એક માતા એરપોર્ટ પર પોતાના બાળક ભૂલી ગયાનું જાણીને એરપોર્ટનો સ્ટાફ પણ અવાક રહી ગયો હતો. ફ્લાઈટ નંબર જીફ૮૩૨ના પાયલટનો એર ટ્રાફિક કંટ્રોલર સાથેની વાતચીતનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે કહી રહ્યો છે કે, "એક મુસાફર વેઈટિંગ એરિયામાં પોતાનું બેબી ભૂલી ગયો હોવાથી અમે પરત આવવાની મંજૂરી માંગીએ છીએ. શું અમે પરત આવી શકીએ?" પાયલટ અને એર ટ્રાફિક કંટ્રોલરની વાતચીતનો આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ અંગે સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પાયલટની આવી વાત સાંભળ્યા બાદ ટ્રાફિક કંટ્રોલર તેના એક સાથી સાથે પ્રોટોકોલ અંગે વાત કરી રહ્યો છે. બાદમાં તે પાયલટને ફરીથી પ્લેનને લેન્ડ કરવા માટેનું કારણ પૂછે છે.

દાંડીકૂચની ૯૦મી વર્ષગાંઠ પર વડાપ્રધાનના કોંગ્રેસ પર આકરા પ્રહારો

કોંગ્રેસની સંસ્કૃતિક ગાંધીજીની વિચારધારાની વિરુદ્ધ છેઃ મોદી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૨ કોંગ્રેસ આજે જ્યારે ગાંધીના ગુજરાતમાં પોતાની કારોબારી સમિતિની બેઠક યોજી રહી છે ત્યારે જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીજીના નામે કોંગ્રેસ પર જોરદાર હુમલો કર્યો છે. અંગ્રેજ શાસન દરમિયાન મીઠા પર લગાવવામાં આવેલા ટેક્સ વિરુદ્ધ મહાત્મા ગાંધી દ્વારા કાઢવામાં આવેલ દાંડીકૂચની ૯૦મી વર્ષગાંઠ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ સામે નિશાન તાકતાં જણાવ્યું છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ઈચ્છતા હતા કે આઝાદી કોંગ્રેસનું વિસર્જન કરી નાખવામાં આવે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસની સંસ્કૃતિ ગાંધીજીની વિચારધારાની વિરુદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે હંમેશાં વંશવાદી સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું છે અને એટલા માટે જ તેઓ કોંગ્રેસને આઝાદી બાદ તુરત વિખેરી નાખવા માગતા હતા. દાંડીયાત્રાની ૯૦મી વર્ષગાંઠ પ્રસંગે પીએમ મોદીએ એક બ્લોગ લખ્યો છે. આ બ્લોગમાં તેમણે લખ્યું છે કે કોંગ્રેસને ક્યારેય લોકતાંત્રિક મૂલ્યો પ્રત્યે આસ્થા રહી નથી અને ગાંધીજી કોંગ્રેસ કલ્ચરને સારી રીતે સમજી ગયા હતા અને તેઓ ઈચ્છતા હતા કે ૧૯૪૭ બાદ તુરત કોંગ્રેસને વિખેરી નાખવામાં આવે. પીએમ મોદીએ એવું પણ લખ્યું છે કે સૌથી ભીષણ કોમવાદી રમખાણો અને નરસંહાર કોંગ્રેસના શાસનમાં જ થયાં હતાં. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચારને લઈને પણ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમના જણાવ્યા અનુસાર ગાંધીજી એવું કહેતા હતા કે કુશાસન અને ભ્રષ્ટાચાર સાથે સાથે ચાલે છે, પરંતુ કોંગ્રેસ અને ભ્રષ્ટાચાર એકબીજાના પર્યાય બની ગયા છે. તમે કોઈ પણ એક સેક્ટરનું નામ લેશો તો તમને ત્યાં કોંગ્રેસનું એક કૌભાંડ તો ચોક્કસપણે જોવા મળશે.

દિલ્હી કોર્ટમાં ક્રિશ્ચન મિશેલનું મોટું નિવેદન

રાકેશ અસ્થાનાએ મને ધમકી આપી હતી કે મારું જીવન નર્ક બનાવી દેશે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૨ અગસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર કૌભાંડમાં મધ્યસ્થી એવા ક્રિશ્ચન મિશેલે દિલ્હી કોર્ટને મંગળવારે જણાવ્યું કે, પૂર્વ સીબીઆઈ ડિરેક્ટર રાકેશ અસ્થાના તેમને દુબઈમાં મળ્યા હતા અને ધમકી આપી હતી કે તેઓ જેલમાં તેની જિંદગી નર્ક જેવી કરી નાખશે, જો તે કૌભાંડની તપાસમાં તેમને સાથ નહીં આપે. ક્રિશ્ચન મિશેલે જણાવ્યું કે, "થોડા સમય પહેલા રાકેશ અસ્થાના મને દુબઈમાં મળ્યા હતા. મને ધમકી આપી હતી કે તારું જીવન હું નર્ક બનાવી દઈશ અને આજે એવું જ થઈ રહ્યું છે. મારી બાજુની કોઠડીમાં ગેંગસ્ટર છોટા રાજનને રાખવામાં આવેલો છે... હું એ સમજી શકતો નતી કે મેં એવો તો કયો ગુનો કર્યો છે કે મને એવા લોકોની સાથે રાખવામાં આવ્યો છે, જેમણે અસંખ્ય લોકોની હત્યા કરી છે." મિશેલે કોર્ટરૂમમાં કોર્ટને જણાવ્યું કે, તેને જેલમાં ૧૬-૧૭ કાશ્મિરી અલગતાવાદીઓ સાથે રાખવામાં આવ્યો છે. મિશેલે ન્યાયાધિશ અરવિંદ કુમાર સામે જે નિવેદન આપ્યું છે તેના અંગે કોર્ટે દિલ્હીની તિહાર જેલમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને તપાસ કરવા જણાવ્યું છે. કોર્ટે જણાવ્યું કે, એજન્સી બુધવારે અને ગુરુવારે તેમની પુછપરછ કરી શકે છે. કોર્ટે વધુમાં જણાવ્યું કે, આ પુછપરછ દરમિયાન જેલમાં મિશેલની સાથે તેમના વકીલ પણ હાજર રહી શકે છે. આ પુછપરછ સવારે અડધો કલાક અને સાંજે અડધો કલાક કરી શકાશે. આ સાથે જ મિશેલે જે આરોપો લગાવ્યા છે કે જેલમાં તેમના પર માનસિક અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે તેના અંગે કોર્ટે તિહાલ જેલના અધિકારીઓને સીસીટીવી ફૂટેજ રજૂ કરવા આદેશ આપ્યો છે. સાથે જ ગુરૂવારે જે રિપોર્ટ રજૂ કરવામાં આવશે તેના આધારે તેને હાઈ સિક્યોરિટી ધરાવતી જેલમાં શિફ્ટ કરવાનો વિચાર કરાશે. અગસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર મામલે દિલ્હીની કોર્ટે ઈદ્ધને ક્રિશ્ચિયન મિશેલની તિહાડ જેલમાં પુછપરછ માટે મંજૂરી આપી દીધી છે. જસ્ટીસ અરવિંદ કુમારે ઈડીની અરજી પર જેલની અંદર મિશેલની પુછપરછ કરવાની મંજુરી આપી છે.

મોદી આપેલા વચનો પાળવમાં નિષ્ફળ, બીજી વાર વડાપ્રધાન નહીં બને : દિગ્વિજયસિંહ

(જી.એન.એસ)ઈંદોર,તા.૧૨ વરિષ્ઠ કોંગ્રેસી નેતા દિગ્વિજય સિંહે જણાવ્યું હતું કે મોદી બીજી વાર વડા પ્રધાન નહીં બની શકે કારણ કે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં તેમણે આપેલા વચન પાળવામાં તેઓ નિષ્ફળ ગયા છે અને ઉઘાડા પડી ગયા છે. ૨૦૧૪માં કોંગ્રેસના ગાભા નીકળી ગયા હતા, પરંતુ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સારો દેખાવ કરશે એવો તેમણે વિશ્વ્રવાસ વ્યક્ત કર્યો હતો. મોદીએ ૨૦૧૪ની ચૂંટણીમાં આપેલાં વચનોનું પાલન કર્યું નથી અને આગામી લોકસભાની ચૂંટણીમાં તેઓ વડા પ્રધાન નહીં બની શકે, એમ ૭૨ વર્ષીય રાજ્યસભાના સભ્ય દિગ્વિજય સિંહે જણાવ્યું હતું. દિગ્વિજય સિંહે ચૂંટણી પંચને અપીલ કરીને જણાવ્યું હતું કે ચૂંટણીનો સમય અને રમજાનનો સમય એક સાથે હોવાથી મુસ્લિમ ભાઈબહેનોને મતદાનમાં સમસ્યા આવતી હોવાથી કેટલાક મુસ્લિમ નેતાઓએ લોકસભાની ચૂંટણીના શેડ્યુલને બદલવાની માગણી કરી છે. રમજાન સાથે લોકસભાની ચૂંટણીનું શેડ્યુલ હોવાથી કેટલાક મુસ્લિમોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે, એ અંગેના એક સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીનાં પરિણામો ૨૬ મે પહેલાં જાહેર કરવા પડે એ બંધારણીય જરૂરિયાત છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : મો. શફી મનસુરી
(મો.૮૧૪૦૧૨૬૭૮૬)
૪૧/જી, ઝેડ કોન કોમપ્લેક્ષ, બેંક ઓફ બરોડાની પાછળ, ઝહીરાબાદ ગ્રામ પંચાયતની સામે, પાનપુર પાટીયા, હિમતનગર-(સા.કા.) ગુજરાત

પંચમહાલ જિલ્લાના માધ્યમકર્મીઓ સાથે તંત્રની પત્રકાર પરિષદ યોજાઈ

માહિતી બ્યુરો, ગોધરા, ચૂંટણી સંબંધી ખોટી અફવાઓથી નાગરિકોને ન ભરમાય અને સાચી માહિતીથી વાકેફ થાય તે માટે મીડિયાની અસરકારક ભૂમિકા તંત્રને મદદગાર રહેશે તેવી વિનંતિ સાથે ૧૮-પંચમહાલ લોકસભા સામાન્ય ચૂંટણીના જિલ્લા ચૂંટણી અધિકારી અને પંચમહાલ જિલ્લા કલેક્ટર શ્રી ઉદિત અગ્રવાલે આજે જિલ્લાના માધ્યમકર્મીઓ સાથે યોજાયેલી પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહેલા માધ્યમકર્મીઓને વિનંતિ સહ જણાવ્યું હતું. તેમણે આદર્શ આચાર સંહિતાના અમલ, ચૂંટણી પ્રક્રિયાની મહત્વની તારીખો, લોકસભા મતક્ષેત્રના મતદાન મથકો, કુલ મતદારો, મતદાન મથકની સુવિધાઓ, મતદાન પ્રક્રિયામાં જોડાયેલ માનવબળ સહિત લોકસભા ચૂંટણી સંબંધી તમામ માહિતી આપી હતી. આ પ્રસંગે ચૂંટણી ખર્ચના નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ.જે. શાહે ઉમેદવારોના ચૂંટણી ખર્ચ સંબંધી ગોઠવવામાં આવેલી વ્યવસ્થાઓ, ફ્લાઈંગ સ્કવોડ, સ્ટેટીક સર્વેલન્સ ટીમ અને ઉમેદવારના ચૂંટણી ખર્ચની રૂા.૭૦ લાખની મર્યાદા સંબંધે માધ્યમકર્મીઓને વિગતો આપી હતી. તેમણે વધુ રોકડ રકમની સાથે હેરફેર કરનારાઓને રોકડ સંબંધી પૂરતા દસ્તાવેજો સાથે રાખવા જણાવ્યું હતું. પોલિસ અધિક્ષક ડો.લીના પાટિલે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનો ચિતાર આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં વલ્નેરેબલ અને ક્રિટીકલ મતદાન મથકો તેમ જ સંવેદનશીલ વિસ્તારોમાં પોલિસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવશે. જિલ્લામાં ૩૦ જેટલી ચેકપોસ્ટ આઈડેન્ટીફાય કરી કાર્યરત કરવામાં આવી છે. સાથે નશાબંધીનો પણ ચુસ્તપણે અમલ કરવામાં આવશે તેમજ તે અંગે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ વખતે ભારતના ચૂંટણી પંચની ગાઈડલાઈન અનુસાર હવેથી સમિતી નક્કી કરશે તેવા હથિયારના પરવાનાધારકોના હથિયારો જ જમા કરવામાં આવશે. ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અગ્રવાલે આ પ્રસંગે મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારીઓ નિમણૂંક, તેમના નામ, સંપર્ક નંબર સહિતની માહિતી પણ માધ્યમ કર્મીઓને આપી હતી. શ્રી અગ્રવાલે જણાવ્યું હતું કે ૧૮-પંચમહાલ સંસદીય મતક્ષેત્રમાં કુલ ૭ વિધાનસભા મતક્ષેત્રો, ઠાસરા, બાલાસિનોર, લુણાવાડા, શહેરા, મોરવા હડફ, ગોધરાઅને કાલોલનો સમાવેશ થાય છે. મતદારો વિશેની માહિતી આપતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે પંચમહાલ જિલ્લામાં મતદારોની કુલ સંખ્યા ૧૨,૦૨,૫૮૩ અને ૧૮-પંચમહાલ સંસદીય મતક્ષેત્રમાં ૧૭,૩૫,૫૮૫ છે. તેમજ નોમિનેશનની છેલ્લી તારીખ સુધી ફોર્મ-૬ સ્વીકારવામાં આવશે. દિવ્યાંગ મતદારો વિશે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં કુલ ૩૬૫૨ દિવ્યાંગ મતદારો છે અને સપ્ટેમ્બર, ૨૦૧૮ બાદ ૧૨૪૪ નવા દિવ્યાંગ મતદારોની નોંધણી કરવામાં આવી છે. મતદાતાઓ મતદાર યાદીમાં તેમનું નામ છે કે નહીં તે જાણવા રૅજ://ઈ.ચ્ચેદ્ધઠ્ઠિં.ર્ષ્દ્દ.હ/ની વેબ સાઈટ પર જઈને કે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ ઉપર કોલ કરીને જાણી શકે છે. પંચમહાલ જિલ્લામાં કુલ ૧૪૯૭ મતદાન મથકો અને પંચમહાલ સંસદીય મતક્ષેત્રમાં કુલ ૨૧૪૬ મતદાન મથકો નક્કી થયા છે. તમામ ૧૪૯૭ મતદાન મથકો ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલા છે અને રેમ્પ, વિજળી, પીવાના પાણીની સુવિધાઓ ધરાવે છે. દરેક વિધાનસભા મતક્ષેત્રમાં ૫ એમ જિલ્લામાં કુલ ૨૫ મતદાન મથકો એવા રહેશે કે જેમાં તમામ પોલિંગ સ્ટાફ મહિલાઓ હશે. ચૂંટણી પ્રક્રિયા માટે જિલ્લામાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે મતદાન માટે જિલ્લાતંત્ર પાસે પૂરતી સંખ્યામાં ઈવીએમ અને વીવીપેટ મશીનો ઉપલબ્ધ છે. આ ઈવીએમનું તમામ રાજકીય પક્ષોની હાજરીમાં ટ્રાયલ અને ચેકિંગ થઈ ચૂક્યું છે. જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી અગ્રવાલે લોકસભા ચૂંટણી માટે ડિસ્ટ્રીક્ટ કોન્ટેક્ટ સેન્ટરની જાહેરાત કરી હતી, જે કમ્પ્લેઈન સેન્ટર તરીકે પણ કામ કરશે. તેનો ટોલ ફ્રી નંબર ૧૯૫૦ છે. જેના પરથી નાગરિકો પોતાની ફરિયાદો નોંધાવી શકશે. આ ઉપરાંત તેમણે ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી સંબંધી ફરિયાદો માટે વિકસાવાયેલ સી-વિજિલ મોબાઈલ એપ્લીકેશન વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે આ એપ દ્વારા નાગરિકો આચાર સંહિતા નો ભંગ થતો હોય કે રોકડ, દારૂ, ડ્રગ્સ કે અન્ય પ્રલોભનો અપાઈ રહ્યા હોય તો તેના ફોટો કે વિડીયો અપલોડ કરીને તેની ફરિયાદ નોંધાવી શકશે. આ ફરિયાદોનો ૧૦૦ મિનિટની અંદર જ નિકાલ આવશે.

મહેસાણા જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઈ

માહિતી બ્યુરો, મહેસાણા, મહેસાણા જિલ્લા કલેકટર વ જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે.પટેલના અધ્યક્ષ સ્થાને લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ અંતર્ગત પત્રકાર પરીષદ યોજાઇ હતી જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે.પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં સમાવિષ્ટ ૧૮૬૪ મતદાન મથકો પૈકી ૩૭૪ શહેરી અને ૧૪૯૦ ગ્રામીણ મથકોમાં ૧૬,૨૭,૬૭૮ મતદારો મતાધિકાર નો ઉપયોગ કરનાર છે.જેમાં ૮,૪૪ ,૮૦૫ પુરૂષ મતદારો અને ૭,૮૨, ૮૩૩ સ્ત્રી મતદારો સહિત ૪૦ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૨૩ એપ્રિલ ૨૦૧૯ના રોજ મતદાન થનાર છે. મતદારને મતદાનના પાંચ દિવસ પૂર્વે ફોટો સાથેની મતદાર કાપલી બી.એલ.ઓ મારફતે ઘરે-ઘરે જઇ આપવામાં આવશે.મતદાર માત્ર ફોટો સાથેની કાપલીને આધારે મતદાન કરી શકશે નહિ જેના માટે વિવિધ ૧૧ પુરાવાઓ માન્ય કર્યા છે.અંધ મતદારોને બ્રેઇલ લીપીમાં ફોટો મતદાર કાપલી સામાન્ય કાપલી ઉપરાંત આપવામાં આવનાર છે.જિલ્લા મતદાન મથકોમાં પીવાનું પાણી,ટોયલેટ,રેમ્પ અને શેડ જેવી સુવિધા કરવામાં આવનાર છે. આ ઉપરાંત જિલ્લામાં સખી મતદાન મથકો પણ ઉભા કરવામાં આવનાર છે. જિલ્લામાં ૨૨૭૬ કંટ્રોલ યુનિટ અને ૨૮૪૨ બેલેટ યુનિટ અને ૨૪૧૯ વીવીપેટ ઉપલબ્ધ છે.મતદાન મથક ખાતે મોકપોલ ઉમેદવાર કે તેમના ચૂંટણી એજન્ટની હાજરીમાં કરવામાં આવનાર છે.વીવીપેટની મતદાન મથકો પૈકી પસંદ કરે ગમે તે એકના પેપર સ્લીપોની ગણતરી કરી ચકાસણી કરવામાં આવશે. ઈવીએમમાં નોટાનો ઉપયોગ કરી શકાશે તેમજ ઈવીએમ બેલેટ પેપરમાં ઉમેદવારનો ફોટો પણ દર્શાવવામાં આવનાર છે. દરેક રાજકીય પક્ષોએ આદર્શ આચાર સંહિતાની ચુસ્ત પણે અમલવારી કરવી પડશે.એમ.સી.સી ના નોડલ અધિકારી તરીકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકને નિયુક્ત કરાયા છે.ઉમેદવારે નામાંકન સાથે ફોર્મ નંબર ૨૬માં સોગંદનામું રજુ કરવું પડશે જેમાં માંગેલ તમામ વિગતો જણાવવી પડશે.આ ઉપરાંત ગુનાહિત પૂર્વ ઇતિહાસ ધરાવતા ઉમેદવારે ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન ત્રણ વખત વર્તમાનપત્ર કે ટેલીવીઝનમાં પ્રસિદ્ધી કરાવવી પડશે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મહત્વની ઘટનાઓની વિડીયોગ્રાફી અને વેબકાસ્ટીગ કરાશે. ચૂંટણી પંચે મહેસાણા જિલ્લામાં ૨૧૮ મતદાન મથકો ખાતેથી મતદાનની પ્રક્રિયાનું વેબકાસ્ટીંગ કરવા જણાવ્યું છે. જિલ્લામાં મુક્ત,ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી સંપન્ન કરવા કવાયત હાથ ધરી છે.મતદાન મથકો ખાતે પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ વખતે " નો વોટર ટુ બી લેફ્ટ બિહાઈન્ડ " નાસુત્ર સાથે મતદાર જાગૃતિની વિશેષ ઝુંબેશ ચલાવાઇ રહી છે.મતદારોને મદરૂપ થવા માટે મતદાર હેલ્પ લાઇન ૧૯૫૦ શરૂ કરવામાં આવી છે. ચૂંટણી આયોગે ચૂંટણી ખર્ચ દેખરેખ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના દેખરેખ માટે ખાસ એકમ કાર્યોન્વિત કરાયું છે. લોકસભા ની ચૂંટણીમાં ચૂંટણી ખર્ચની મહત્તમ મર્યાદા રૂ.૭૦ લાખની છે.જેન ખર્ચના મોનીટરીંગ માટે ૨૧ ફ્લાઇંગ સ્કવોડ,૦૭ સ્થાયી નિરીક્ષણ ટુકડીઓ,૦૭ વિડીયો સર્વેલન્સ ટીમ,વિડીયો વ્યુઇંગ, હિસાબી ટુકડીઓ કાર્યન્વિત કરાઇ છે.ફ્લાઇંગ સ્કોવડની કામગીરીનું જી.પી.એસ ટ્રેકીગ દ્વારા મોનીટરીંગ કરવામાં આવનાર છે. નાગરિકો, ઉમેદવારો તેમજ રાજકીય પક્ષો માટે આઇ, સીટી અને મોબાઇલ એપ્લીકેશન નો ઉપયોગ કરાયો છે. ફરીયાદો નોંધવા c-Vigil નામની, મતદારોની સહાયતા માટે વોટર્સ હેલ્પ લાઇન મોબાઇલ એપ્લીકેશન, દિવ્યાંગ મતદારો તેમની સહાયતા માટે On-Line વિનંતી કરી શકે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન મંજુરી માટે સુવિધા વેબસાઇટ મારફતે પરવાગી મેળવી શકાશે. નાગરિકો તરફથી મળતી સુચનાઓની નોંધણી માટે ઇન્ટીગ્રેટેડ વેબસાઇટ સમાધાન લોન્ચ કરેલ છે. મતદાર હેલ્પ લાઇન માટે ૧૯૫૦ નંબર,૧૮૦૦-૨૩૩-૨૯૪૭ અને ૦૨૭૬૨-૨૩૯૭૦૦ નંબર કાર્યરત છે. આ ઉપરાંત ખર્ચ દેખરેખ,આચાર સંહિતા,ફરિયાદ બાબતો માટે ૧૮૦૦-૨૩૩-૧૧૩૪, ૦૨૭૬૨-૨૨૧૧૩૪, ૨૨૧૧૩૫, ૨૨૧૧૩૬, અને ૨૨૧૧૩૭ તેમજ ફેક્સ નંબર ૦૨૭૬૨-૨૨૧૧૩૮ કાર્યરત છે. આ ઉપરાંત deomeh .control room@ gmail.com મેઇલ એડ્રેસ જાહેર કરેલ છે. મહેસાણા જિલ્લા કલેકટરશ્રી દ્વારા યોજાયેલ પત્રકાર પરિષદમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી નિલેસ જાજડીયા, નિવાસી અધિક કલેકટર હર્ષદ વોરા સહિત જિલ્લા મિડીયા કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં પ્રતિબંધાત્મક આદેશ

માહિતી બ્યુરો, મહેસાણા, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯નું મતદાન સરળ અને શાંતિપુર્ણ થાય અને તેમાં અવરોધ પેદા થાય નહી તે માટે મતદાન મથકના સ્થળોના ૨૦૦ મીટરના વિસ્તારમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાએ નિયંત્રીત આદેશ કર્યા છે. ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ બહાર પાડેલ આદેશનું પાલન ૩૦ એપ્રિલ ૨૦૧૯ સાંજે ૧૯-૦૦ કલાક સુધી પાલન કરવાનું રહેશે. જેમાં ચૂંટણી ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે અન્ય કોઇપણ વ્યક્તિ મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણીના બુથ ઉભા કરી શકશે નહિ.મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઇપણ અનઅધિકૃ વ્યક્તિઓ એકત્રિત થશે નહી કે,મતદાન મથકમાં પ્રવેશી શકશે નહી. કે વાહન લઇ જઇ શકશે નહી કે લાવશે નહી. કોઇ પણ વ્યક્તિ મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં મેગાફોન અથવા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકશે નહી. આ આદેશ ચૂંટણી અંગેની મતદાન સંચાલનની કામગીરીમાં ચૂંટણી અધિકારીશ્રી,જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ કર્મચારીશ્રીઓ,અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારીશ્રી,કર્મચારી તથા અન્ય સુરક્ષા માટેના સ્ટાફને,જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેને લાગું પડશે નહિ તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષી પાલનપુર ખાતે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

(માહિતી બ્યુરો પાલનપુર) લોકસભા સામાન્ય ચૂંટણીની ગઈકાલ તા.૧૦ માર્ચથી જાહેરાત થતાં સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષી પાલનપુર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠા શ્રી સંદીપ સાગલેના અધ્ય ક્ષસ્થાપને ચૂંટણીલક્ષી માહિતી મિડીયાને આપવા માટે પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું કે ચૂંટણીપંચ દ્વારા ગઇકાલથી લોકસભા સામાન્ય ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણીની તારીખ જાહેર થતાં જ સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. તેમણે કહ્યું કે મતદારયાદી સતત સુધારણા કાર્યક્રમ ચાલુ છે. મતદારો પોતાનું નામ દાખલ કરવા માટે ફોર્મ નં. ૬ ઉમેદવારી પત્ર રજૂ કરવાના છેલ્લા દિવસના અગાઉના ૧૦ દિવસ સુધી ફોર્મ નં. ૬ રજૂ કરી શકશે. તેમણે કહ્યું કે વિધાનસભા-૨૦૧૭માં જિલ્લામાં કુલ-૨૧,૪૫,૫૩૯ મતદારો હતા. હાલની તા.૧૧/૦૩/૨૦૧૯ની સ્થિતિએ મતદારોની સંખ્યા- ૨૨,૧૭,૯૧૩ છે.જેમાં સ્ત્રી -૧૧,૬૦,૬૧૯, પુરૂષ-૧૦,૫૭, ૨૭૪ અને અન્યવ-૨૦ છે. આમ ગઇ વિધાનસભાની ચૂંટણીની તુલનામાં કુલ-૭૨,૩૭૪ મતદારોનો વધારો થયો છે. કલેકટરશ્રીએ યુવાનો અને મહિલાઓને પોતાનું નામ મતદારયાદીમાં નોંધાવવા અપીલ કરી હતી. જિલ્લા. ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે મતદારો પોતાનું નામ મતદારયાદીમાં ટોલ ફ્રી હેલ્પ લાઇન નં. ૧૯૫૦ ઉપર સવારના ૯-૦૦ થી રાત્રિના ૯-૦૦ વાગ્યાસ સુધી તપાસી શકે છે. તેમણે કહ્યું કે આ હેલ્પલાઇન પર લોકો ચૂંટણી સંબંધિત કમ્પલેઇન અને ફિડબેક પણ આપી શકે છે. તેમણે જણાવ્યું કે જિલ્લાના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ઇ.વી.એમ. અને વીવીપેટ મશીનોનું નિદર્શન કરવામાં આવશે. દિવ્યાંગ મતદારો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઇ સરળતાથી મતદાન કરી શકે તે માટે મતદાનના દિવસે તેમના માટે સહાયક તેમજ વ્હીલચેરની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે. દિવ્યાંગ મતદારોને તેમના ઘરેથી મતદાન મથક સુધી લાવવા-લઇ જવા વાહનની વ્યવસ્થા કરાશે તેમ તેમણે જણાવ્યું હતું. કલેકટરશ્રીએ કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન નાગરિકો આચારસંહિતા ભંગ અને ખર્ચ સીમાના ઉલ્લંઘનની ફરીયાદ સીવીજીલ એપ પર પોતાની ઓળખ આપીને અથવા ઓળખ આપ્યા સિવાય પણ કરી શકશે. તેમણે કહ્યું કે સુવિધા એપ્લિકેશન દ્વારા ઉમેદવારો તેમજ રાજકીય પક્ષો સભા, સરઘસ, વાહનની પરવાની, લાઉડ સ્પીકર, હેલીકોપ્ટર વગેરેની પરવાનગી મેળવી શકશે. આ સુવિધા માટે જિલ્લાકક્ષાએ સિંગલ વિન્ડો સીસ્ટમ પણ કાર્યરત કરવામાં આવી છે. કલેકટરશ્રીએ જણાવ્યું કે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર માટે રૂ. ૭૦ લાખની ખર્ચ મર્યાદા પંચ દ્વારા નક્કી કરવામાં આવી છે અને આ ચૂંટણી ખર્ચના દેખરેખ માટે વિડીયો નિરીક્ષણ ટીમ, વિડીયો દેખરેખ ટીમ, એમ.સી.એમ.સી., સ્થાયી દેખરેખ ટીમ, ફ્લાઇંગ સ્કવોડ વગેરેની નિમણુંક કરવામાં આવી છે. કલેકટરશ્રીએ કહ્યું કે મતદાન માટે મતદાર યાદીમાં નામ હોવું જરૂરી છે. ફોટો વોટર સ્લીપના આધારે મતદાન કરી શકાશે નહી. ફોટો મતદાર સ્લીપની સાથે ૧૧ જેટલાં માન્ય પુરાવાઓ રજૂ કરીને મતદાન કરી શકાશે. તેમણે કહ્યું કે મતદાર સ્લીપ સાથે મતદારોને વોટર ગાઇડ આપવામાં આવશે. દરેક ઉમેદવારોએ પોતાના સોશિયલ મિડીયાના એકાઉન્ટની પણ વિગત આપવાની રહેશે. કલેકટરશ્રીએ જણાવ્યું કે મતદારયાદીમાં નામ છે કે કેમ તે ઓનલાઇન અને ઓફલાઇન નીચે જણાવ્યા પ્રમાણે તપાસી શકાશે.

પાટણ સંસદીય મતવિસ્તારમાં ૧૨૫૧ મતદાન મથક સ્થળ અને ૨૧૦૪ મતદાન મથક આવેલા છે

માહિતી બ્યુરો, પાટણ, પાટણ સંસદીય મતવિસ્તારમાં (૧)૧૧-વડગામ (૨)૧૫-કાંકરેજ (૩)૧૬-રાધનપુર (૪) ૧૭-ચાણસ્મા (૫) ૧૮-પાટણ (૬)૧૯-સિધ્ધપુર (૭) ૨૦-ખેરાલુ એમ કુલ-૭ વિધાનસભા મતદાર વિભાગનો સમાવેશ થાય છે. પાટણ સંસદીય મતવિસ્તારના૧૧-વડગામ વિધાનસભા મતવિસ્તારમાં ૧૫૫ મતદાન મથક સ્થળ અને ૩૦૪ મતદાન મથક આવેલા છે. તા. ૦૧/૦૧/૨૦૧૯ની સ્થિતિએ ૧,૩૭,૮૦૯ પુરૂષ મતદારો ૧,૩૨,૦૭૬ સ્ત્રી મતદારો તથા ૦૩ અન્ય મતદારો મળી કુલ ૨,૬૯,૮૮૮ મતદારો નોધાયેલ છે. ૧૫-કાંકરેજ વિધાનસભા મતવિસ્તારમાં ૧૪૭ મતદાન મથક સ્થળ અને ૩૦૧ મતદાન મથક આવેલા છે. ૧,૩૭,૫૧૪ પુરૂષ મતદારો ૧,૨૩,૭૯૧ સ્ત્રી મતદારો તથા ૦૪ અન્ય મતદારો મળી કુલ ૨,૬૧,૩૦૯ મતદારો નોધાયેલ છે. ૧૬-રાધનપુર વિધાનસભા મતવિસ્તારમાં ૨૨૧ મતદાન મથક સ્થળ અને ૩૨૬ મતદાન મથક આવેલા છે. ૧,૩૯,૩૫૦ પુરૂષ મતદારો ૧,૨૮,૩૧૦ સ્ત્રી મતદારો તથા ૦૫ અન્ય મતદારો મળી કુલ ૨,૬૭,૬૬૫ મતદારો નોધાયેલ છે. ૧૭-ચાણસ્મા વિધાનસભા મતવિસ્તારમાં ૨૧૨ મતદાન મથક સ્થળ અને ૩૧૮ મતદાન મથક આવેલા છે. ૧,૩૮,૭૯૫ પુરૂષ મતદારો ૧,૨૮,૧૪૭ સ્ત્રી મતદારો મળી કુલ ૨,૬૬,૯૪૨ મતદારો નોધાયેલ છે. ૧૮-પાટણ વિધાનસભા મતવિસ્તારમાં ૧૯૧ મતદાન મથક સ્થળ અને ૩૧૩ મતદાન મથક આવેલા છે. ૧,૪૪,૩૧૯ પુરૂષ મતદારો ૧,૩૪,૦૫૬ સ્ત્રી મતદારો તથા ૦૬ અન્ય મતદારો મળી કુલ ૨,૭૮,૩૮૧ મતદારો નોધાયેલ છે. ૧૯-સિધ્ધપુર વિધાનસભા મતવિસ્તારમાં ૧૫૭ મતદાન મથક સ્થળ અને ૨૭૩ મતદાન મથક આવેલા છે. ૧,૨૮,૦૯૧ પુરૂષ મતદારો ૧,૧૮,૦૦૫ સ્ત્રી મતદારો તથા ૦૨ અન્ય મતદારો મળી કુલ ૨,૪૬,૦૯૮ મતદારો નોધાયેલ છે. ૨૦-ખેરાલુ વિધાનસભા મતવિસ્તારમાં ૧૬૮ મતદાન મથક સ્થળ અને ૨૬૯ મતદાન મથક આવેલા છે. ૧,૦૮,૨૦૮ પુરૂષ મતદારો ૯૯,૪૩૯ સ્ત્રી મતદારો તથા ૦૩ અન્ય મતદારો મળી કુલ ૨,૦૭,૬૫૦ મતદારો નોધાયેલ છે.

પાટણ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં ચૂંટણી પ્રક્રિયાની તૈયારીઓની છણાવટ કરાઈ

માહિતી બ્યુરો, પાટણ, કેન્દ્રી ય ચૂંટણીપંચ દ્વારા ગુજરાત લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ યોજવાની જાહેરાત કરતાં પાટણ જિલ્લા માં ૩-પાટણ લોકસભા બેઠકની ચૂંટણી પ્રક્રિયાની તંત્ર દ્વારા કરાયેલી સર્વગ્રાહી તૈયારીઓ અંગે જિલ્લા ચુંટણી અધિકારીશ્રી આનંદ પટેલ મીડીયાને અવગત કરતાં જણાવ્યું હતું કે, જિલ્લાઓમાં લોકશાહીના મહાન પર્વ સમાન ચુંટણી પ્રક્રિયા સાગોપાંગ રીતે સફળ બને તે માટે જિલ્લા ચૂંટણી તંત્રે પુરી તેયારીઓ કરી લીધી છે. ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને નિર્ભિક અને આદર્શ વાતાવરણ વચ્ચે યોજવા માટે ચૂંટણી પંચના નિર્દેશો અનુસાર જિલ્લા ચૂંટણી તંત્રે તમામ તૈયારીઓ પુરી કરી લીધી છે. જિલ્લાર ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલે ૩-પાટણ લોકસભા બેઠક સંદર્ભે વિગતો આપતાં જણાવ્યું કે, ભારતના ચૂંટણીપંચે તા.૧૦/૦૩/૨૦૧૯ ના રોજ લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અન્વયે ૦૩-પાટણ સંસદીય મતદારવિભાગની બેઠક માટે તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ મતદાન યોજાનાર છે. તા.૨૮/૦૩/૨૦૧૯ થી તા.૦૪/૦૪/૨૦૧૯ સુધી ઉમેદવારો તેમના ઉમેદવારીપત્રો સવારે ૧૧-૦૦ કલાકથી બપોરના ૦૩-૦૦ કલાક સુધી ભરી શકશે. ઉમેદવારી પત્ર ચકાસણીની તારીખ-૦૫/૦૪/૨૦૧૯ છે. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ ૦૮/૦૪/૨૦૧૯ છે. તથા તારીખ ૨૩/૦૫/૨૦૧૯ ના રોજ મતગણતરી થશે. અને ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થવાની તારીખ ૨૭/૦૫/૨૦૧૯ છે. પાટણ સંસદીય મતવિસ્તારમાં (૧)૧૧-વડગામ (૨)૧૫-કાંકરેજ (૩)૧૬-રાધનપુર (૪) ૧૭-ચાણસ્મા (૫) ૧૮-પાટણ (૬)૧૯-સિધ્ધપુર (૭) ૨૦-ખેરાલુ એમ કુલ-૭ વિધાનસભા મતદાર વિભાગનો સમાવેશ થાય છે. પાટણ સંસદીય મતવિસ્તારમાં કુલ-૧૨૫૧ મતદાન મથક સ્થળ અને ૨૧૦૪ મતદાન મથક આવેલા છે. પાટણ સંસદીય મતવિસ્તારમાં ૯૩૪૦૮૬ પુરૂષ મતદારો ૮૬૩૮૨૪ સ્ત્રી મતદારો તથા ૨૩ અન્ય મતદારો મળી કુલ ૧૭૯૭૯૩૩ મતદારો નોધાયેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાણન આદર્શ આચારસહિતાના ચુસ્ત અમલ માટે નોડલ અધિકારી સહિત નોડલ અધિકારી મેન પાવર મેનેજમેન્ટઆ, ઈવીએમ-વીવીપીએટી મેનેજમેન્ટા, ટ્રાન્સમપોર્ટ સ્ટોફ ટ્રેનીંગ, ખર્ચના નોડલ અધિકારી મળી કુલ ૧૮ નોડલ અધિકારીને ફરજબધ્ધદ કરવામાં આવ્યાટ છે. મતદાતાઓ માં મતદાન માટેનો ઉત્સાહ વધારવા અને વી.વી.પી.એ.ટીની સમજણ માટે સતત જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. લોકશાહીના મહાકુંભમાં વધુને વધુ મતદાન થાય તે માટે વ્યાયપક મતદાન જાગૃતી ઉભી કરવા માટે તંત્ર કટિબધ્ધી છે. ચુંટણી પ્રક્રિયામાં કુલ મળી ૧૧૮૨૫ ચુંટણી કર્મીઓ સહિત ફરજ પરના અન્યવ કર્મચારીઓ માટે પોસ્ટછલ મતદાન માટેની વ્વસ્થી પણ કાર્યરત કરાઇ છે. ચૂંટણીપંચના નિર્દેશ અનુસાર જિલ્લોમાં ૨૮ સખી મતદાન મથકો અને ૦૭ દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો ઉભા કરાનાર છે.ચુંટણી પ્રક્રિયા દરમ્યાનન કાયદો-વ્યથવસ્થા -સલામતીના પ્રબંધો માટે પણ પુરતો સુરક્ષા બંદોબસ્તમ ગોઠવાશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ માટે ઉમેદવારની ખર્ચ મર્યાદા ભારતના ચૂંટણીપંચ દ્વારા રૂ.૭૦૦૦૦૦૦/-(અંકે રૂ. સીત્તેર લાખ) નક્કી કરવામાં આવેલ છે. ૦૩-પાટણ સંસદીય મતવિસ્તારમાં કુલ -૨૧ ફ્લાઇંગ સ્ક્વોડની ટીમો, ૩૫-સ્ટેટીક સર્વેલન્સ ટીમ, ૧૭-વિડીયો સર્વેલન્સ ટીમ, ૭-વિડીયો વ્યુવિંગ ટીમ અને ૧-એકાઉન્ટ ટીમની રચના કરવામાં આવેલ છે. ઉપરાંત ૮-આસીસ્ટન્ટ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વરની નિમણૂંક કરવામાં આવેલ છે. આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ માં મતદાર કાપલીનો ઓળખના પુરાવા તરીકે ઉપયોગ કરી શકાશે નહી. એપિક તથા અન્ય અગિયાર પુરાવાઓની મદદથીજ મતદાન કરી શકાશે.પાટણ જિલ્લામાં સર્વિસ વોટરની સંખ્યા- ૬૫૬ છે. ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર- ૧૯૫૦ છે. કોઇપણ નાગરિક ફોન કરીને માર્ગદર્શન મેળવી શકશે. અથવા ફરિયાદ નોધાવી શકશે. ચૂંટણી પંચ દ્વારા ૬ફૈંન્એપ્લિકેશન તૈયાર કરવામાં આવેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન નાગરિકો આચાર સંહિતા ભંગ અને ખર્ચ સીમા ઉલ્લંઘનની ફરિયાદ અન્વયે ફરિયાદ કરી શકશે. પત્રકાર પરિષદમાં ડીઆરડીના નિયામકશ્રી દિનેશ પરમાર, અને નાયબ ચુંટણી અધિકારીશ્રી મુકેશ પટેલ સહિત પ્રિન્ટા અને ઇલેકટ્રોનીકસ મિડીયાના પ્રતિનિધિઓ ઉપસ્થિવત રહયા હતા.

મહેસાણા જિલ્લામાં તહેવારોમાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ ફરમાવાયો

માહિતી બ્યુરો, મહેસાણા, મહેસાણા જિલ્લામાં આગામી દિવસોમાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ની કામગીરી શરૂ થ

તંત્રી લેખ.....

લોકસભાની ચૂંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે

કેન્દ્રીય ચૂંટણીપચે ગઈકાલે લોકસભાની ચૂંટણીની જાહેરાત કરી દીધી છે ત્યારે દેશમાં કુલ સાત તબકકામાં મતદાન કરવામા આવશે. આ તમામ પ્રકિયા સંપન્ન થયા બાદ ૭૦ દિવસમાં દેશમાં નવી સરકાર રચાઈ જશે. આ ઉપરાંત આગામી ત્રણ સપ્તાહમાં જ સત્તા માટેનુ ચિત્ર સ્પષ્ટ થઈ જશે.ત્યારે આ ચૂંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન બની રહેશે. કારણ પુલવામાના આતંકી હુમલા બાદ જે રીતે સરકારે પાકિસ્તાન અને આતંકવાદીઓ સામે કાર્યવાહી કરી છે તેનાથી દેશવાસીઓમાં ભાજપ પાસે હજુપણ કેટલીક અક્ષેપાઓ છે અને વડાપ્રધાન મોદીએ તેમની અનેક સભામાં દેસવાસીઓને હુ દેશની રક્ષા માટે ગમે તેવા પગલા લેવા તૈયાર રહીશ તેવી ખાતરી આપીચુક્યા છે ત્યારે એક સરવેમાં એવુ અનુમાન પણ થઈ રહ્યુ છ કે પાકિસ્તાનમાં રહેલા આતંકવાદી સંગઠનો સામે ભારતે કરેલી એરસ્ટ્રાઈક બાદ ભાજપ પ્રત્યે લોકોનો વિશ્વાસ વધી ગયો છે તેથી હવે જ્યારે ચૂટણી જાહેર થઈ છે ત્યારે ભાજપને તેનો લાભ મળી શકે તેમ છે. તેવા અનુમાનો વચ્ચે હવે ભાજપ તરફથી લોકોમાં તેની છાપ જાળવી રાખવા આગામી દિવસોમાં કેવી રણનીતી અપનાવવામાં આવે છે તેના પર મદાર છે. બીજી તરફ કોંગ્રેસ રાફેલ મુદે અને તેમાયે આ સોદાને લગતી ફાઈલ ચોરાઈ જવાની વિગતો બહાર આવતા આ મામલાને આગળ ધરી લોકોમાં ભાજપની કેવી નીતી છે તે વાત સાથે પ્રચાર કરવાની રણનીતી અપનાવશે તેમ લાગી રહ્યુ છે. જોકે તેમ છતાં આ વખતની ચૂંટણી કોંગ્રેસ કરતા ભાજપ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન બની રહે તેમ લાગે છે. આમ તો ચૂંટણી જાહેર થયા પહેલા જ દેશમાં તેને લઈને તમામ તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. પણ પુલવામામાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતની વાયુસેનાએ જે રીતે આતંકીઓના કેમ્પો પર કરેલા હુમલા બાદ કોંગ્રેસની થોડી પીછેહટ થઈ હોય તેવા સમાચારો મીડિયામાં આવી ચુક્યા છે પણ આ હુમલા બાદ દેશવાસીઓની ભાજપ પાસેથી અપેક્ષા વધી ગઈ છે અને તેથી જ હવે ભાજપે આગામી સમયમાં લોકોની અપેક્ષામાં ખરા ઉતરવા માટે ચોકકસપણે કોઈ નવી અને અસરકારક રણનીતી સાથે મેદાનમાં ઉતરવુ પડશે તેવુ લાગી રહ્યુ છે. કારણ એક તરફ કોંગ્રેસ અને બસપા, સપા તેમજ તૃણમૂલ કોંગ્રેસ સહિતના અન્ય પક્ષો મહાગઠબંધન કરી ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બીજી તરફ ભાજપ સામે રાફેલ સોદો, વિજય માલ્યા, નીરવ મોદી સહિતના અન્ય મુદાને લઈને કેટલાંક પડકારો પણ રહેલા છે તેથી ભાજપે આ વખતે ચૂટણી જંગમાં આ તમામ મુદાનો તે કેવી રીતે ઉકેલ લાવશે અને પીએનબી કૌભાંડમાં ભાગેડુ થયેલા નીરવ મોદીને ભારતમાં પરત લાવી તેની સામે કાર્યવાહી કરવામા આવશે કે કેમ તેવા મુદાઓને ધ્યાનમાં લઈને વિપક્ષો તરફથી ભાજપને ઘેરવાની જે રણનીતી અપનાવવામા આવી રહી છે તેમાંથી તે કેવી રીતે બહાર આવશે તેવા મુદા સહિત અન્ય કેટલીક બાબતમા પણ કોઈ નકકર આયોજન સાથે આ વખતે પ્રચાર કરવાની નીતી અપનાવવી પડશે તેવુ લાગી રહ્યુ છે. દરમિયાન મુખ્ય ચૂટણી કમિશ્નર સુનીલ અરોડાએ ચૂંટણની જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે દેશના મોટાભાગના રાજયમાં એક જ તબકકામાં જ મતદાન કરાવવામા આવશે.તેમાં સંઘ શાસિત રાજય પણ સામેલ છે. દેશના ૨૨ રાજયમાં એક જ તબકકામાં મતદાન થશે. જયારે ચાર રાજયમા બે તબકકામા તેમજ બે રાજમાં ત્રણ તબકકામાં આ ઉપરાંત ચાર રાજયમાં ચાર તબકકામાં મતદાન થશે.જેમાં ૧૧મી એપ્રિલે પહેલા તબકકામાં મતદાન કરવવામા આવશે. જેમા ૯૧ સીટ માટે મતદાન થશે.ત્યારબાદ ૧૮મીએ બીજા તબકકાનુ મતદાન કરાવવામા આવશે. આમ આ રીતે ૭૦ દિવસ બાદ દેશમાં નવી સરકાર રચાઈ જશે. આ માટે હાલ દેશમાં આંચારસંહિતા લાગુ થઈ છે અને વિવિધ રાજકીય પક્ષોએ તેમની પ્રચાર પ્રસારની કામગીરી શરૂ કરી દીધી છે. જોકે વિવિધ તબક્કામાં મતદાન થવાનુ હોવાથી આ વખતે પ્રચાર માટે પણ જે તે પક્ષોએ ભારે દોડધામ કરવાની થશે કારણ અલગ અલગ તબકકામા મતદાન થવાનુ હોવાથી તે માટે એક જ દિવસમાં એકથી વધારે સ્થળે સભાઓ અને રેલીઓ સંબોધવી પડશે. આમ આ વખતે તમામ પક્ષોએ પ્રચારમાં ભારે મહેનત કરવી પડશે તેમ લાગી રહ્યુ છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત જિલ્લા સેવાસદન ખાતે મીડિયા સેન્ટર કાર્યરત

માહિતી બ્યુરો, લુણાવાડા, મહીસાગર જિલ્લામાં લોકસભાની ચૂંટણીઓ તટસ્થ, ન્યાયી અને નિષ્પક્ષ યોજાય અને આદર્શ આચાર સંહિતાનું અમલીકરણ થાય તે માટે જિલ્લા સેવાસદન ખાતે ઈએમએમસી મીડિયા સેન્ટર કાર્યરત કરાયું છે. જેના ભાગરૂપે આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી આર.બી. બારડે ચૂંટણીલક્ષી પ્રચારની ગતિવિધિઓ પર નજર રાખવા માટે શરૂ કરેલા ઈલેકટ્રોનીક્સ મીડિયા મોનીટરીંગ કમિટિ મીડિયા સેન્ટરની કામગીરીનું ઝીણવટ ભર્યું નિરીક્ષણ કર્યું હતુ. સભ્ય સચિવ અને સહાયક માહિતી નિયામક શ્રી એસ.જે. બળેવીયા એમસીએમસી સેન્ટરની કામગીરી બાબતે જાણકારી આપી હતી. મહીસાગર જિલ્લામાં એમસીએમસી સેન્ટરમાં રાજકીય પક્ષો, ઉમેદવારો દ્વારા ન્યુઝ ચેનલો પર આપવામાં આવતી જાહેરાતો, પેઈડ ન્યુઝ અંગે ઓડીયો વિઝયુઅલ દ્વારા ચેનલોનું સતત મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે. રાજકીય પક્ષોએ રેડિયો, ટેલીવીઝનમાં જાહેરાત આપતાં પહેલા આ કમિટી પાસે મંજુરી મેળવવાની રહેશે. આ અવસરે એમસીસી નોડલ અધિકારી શ્રી જે.કે. જાદવ,નાયબ ચૂંટણી અધિકારીશ્રી નેહા ગુપ્તા મીડિયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ સેન્ટરના ફરજ પરના અધિકારીઓ,ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલની અધ્યક્ષતામાં પાટણ લોકસભા ચુંટણીનાનોડલ અધિકારીઓની બેઠક મળી

માહિતી બ્યુરો, પાટણ, કેન્દ્રીય ચુંટણીપંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવાની જાહેરાત કરવાની સાથે પાટણ જીલ્લામાં વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ મુક્ત નિષ્પક્ષ અને નિર્ભીક રીતે યોજી શકાય તે માટે સર્વગ્રાહી આકલન કરવા માટે જીલ્લા ચૂંટણી અધિકારી શ્રી આનંદ પટેલે નોડલ અધિકારીઓની બેઠક યોજી ચૂંટણી પ્રક્રિયાને સાંગોપાંગ સફળ બનાવવા માટે જરૂરી તમામ કામગીરી બિનચૂક, સમયસર અને પૂરી દક્ષતા સાથે કરવા જીલ્લા ચૂંટણી અધિકારીશ્રીએજરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જીલ્લાચૂંટણી અધિકારીશ્રીએ મતદાન મથકો મતદાન મથકોથી મતદાન પ્રક્રિયા માટેની સહુલીયતો, સેનિટેશન સહીત કાયદોવ્યવસ્થાનાનિયમન અને નોડલ અધિકારીશ્રીઓ વચ્ચેના સંકલન પર જીલ્લા ચૂંટણી અધિકારીએ ભાર મુક્યો હતો. જીલ્લાચૂંટણીઅધિકારીએ પ્રત્યેક કામગીરીને ખુબ ચીવટ સાથે કરવા જરૂરી કાર્યવાહી શરુ કરવા તમામ ૧૮ નોડલ અધિકારીઓને સુચના આપી હતી .જીલ્લાનીઉ-પાટણ લોકસભા બેઠકના નિર્વાચીન અધિકારીશ્રીઓ સાથે પુરતું લાયઝન ગોઠવવા પણ જીલ્લા ચૂંટણી અધિકારીએ જરૂરી સુઝાવો આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખ, નિવાસી અધિક કલેકટરશ્રી બી.જી પ્રજાપતિ, પોલીસ અધિક્ષકશ્રી શોભા ભુતડા, ડીઆરડીના નિયામકશ્રી દિનેશ પરમાર, અને નાયબ ચુંટણી અધિકારીશ્રી મુકેશ પટેલ સહિત તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા સંકલન અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ મોકુફ રાખવા બાબત

માહિતી બ્યુરો, મોરબી, તા. ૧૦-૦૩-૨૦૧૯થી લોકસભા ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે આદર્શ આચાર સહિતા અમલમાં આવતા જયા સુધી આચાર સહિતા પૂર્ણ ન થાય ત્યા સુધી જિલ્લા સંકલન કાર્યક્રમ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ મોકુફ રાખવામાં આવે છે. જેની સબંધકર્તાઓએ નોંધ લેવા શ્રી કેતન પી. જોષી, નિવાસી અધિક કલેકટર મોરબીની એક યાદીમાં જણાવેલ છે.

વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આત્મરક્ષણ તથા પાક રક્ષણના તમામ પરવાનેદારે તેમના હથિયારો સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા

માહિતી બ્યુરો, લોકસભા સામાન્યટ ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૮૧-ખંભાળિયા મત વિસ્તાર તથા ૮૨ દ્વારકા મતદાન વિભાગનું મતદાન તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ યોજાનાર છે. ભારતના ચુંટણીપંચ દ્વારા ચુંટણી યોજવા અંગેની જાહેરાત તા.૧૦/૦૩/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલી છે. લોકસભા સામાન્યી ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યક્તિ/ સંસ્થા દ્વારા ચુંટણી સબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઈ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચુંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતીપુર્ણ વાતાવરણમાં યોજાય, કાયદો અને વ્યવવસ્થા ની પરિસ્થિનતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છટનિય બનાવ ન બને તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા,ના જિલ્લા મેજીસ્ટ્રે ટશ્રી ડો.નરેન્દ્ર કુમાર મીનાએ તેમને મળેલ સતાની રૂએ એક જાહેરનામું પ્રસિધ્ધા કરી સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લી આત્મરક્ષણના તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો નિશ્ચિત (અપવાદ સિવાયના) એ તેમના હથિયાર પરવાનાઓ દિવસ-૭ માં સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવી. પોલીસ સ્ટેશન તરફથી સુચના મળવાની રાહ જોયા વિના આ હુકમને સુચના ગણી હથિયારો જમા કરાવી દેવા હુકમ કરવામાં આવેલ છે. આ જાહેરનામું ફરજ પરના અધિકારીઓ / કર્મચારીઓ, બેંકના રક્ષણ માટે બેંકના મેનેજરશ્રી હોદાની રૂએ પરવાનો મંજુર કરાયેલ હોય તે પરવાના અન્વયેના હથિયારોને, માન્યતા ધરાવતી સિકયોરીટી તેમજ એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટ લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારીને, મોટા ઔદ્યોગિક એકમો, જાહેર સાહસો, બોર્ડ/ નિગમની સલામતી માટે જે એકમ સંચાલક જવાબદાર અધિકારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો, મોટા અને મહત્વના ધાર્મિક સ્થળોના મુખ્ય સંચાલક/મહંતશ્રી/ પુજારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો, જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ ખાસ પરવાનગી આપેલ હોય તેઓને લાગુ પડશે નહી. ઉપરોકત તમામ હથિયારો ચુંટણી પ્રક્રિયા પુર્ણ થયા પછી દિવસ-૭ માં સબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સબંધિત પોલીસ સ્ટેનના અધિકારીઓએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સબંધિત પરવાનેદારની રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

સંસ્થાઓ અને વ્યવસાયના સ્થળો પર સીસીટીવી કેમેરા લગાવવા આદેશ

માહિતી બ્યુરો, મહેસાણા, મહેસાણા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાએ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે જિલ્લાની તમામ બેન્કો,એ.ટી.એમ સેન્ટરો,સોના - ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો ,શો રૂમો,શોપીંગ મોલ,મલ્ટીપ્લેક્ષ થીયેટર,શોપીંગ સેન્ટરો,કોમર્શીયલ સેન્ટરો,ગેસ્ટ હાઉસો.૨૦ થી વધુ બેઠક ધરાવતી રેસ્ટોરન્ટો, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીગો, મોટા ઔધોગિક એકમો, જિલ્લાના હાઈવે પરના તમામટોલ પ્લાઝા,પેટ્રોલ પંપો, હોટલો પર તાલીમ પામેલા માણસોને સીક્યુરીટી માટે મેટલ ડીટેક્ટર સાથે ફરજ ઉપર નિયુક્ત કરવા આદેશ કરાયો છે.આ ઉપરાંત પ્રવેશદ્વાર કે રીસેપ્શન કાઉન્ટર પર લોબી, બેઝમેન્ટ પાર્કિંગની જગ્યા પર સીસી ટીવી નાઈટ વીઝન કેમેરા લગાવવા માટેનો આદેશ કર્યો છે. આ કેમેરાનું રેકોડ'ંગ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સાચવી રાખવા અને કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રાખવાનો પણ આદેશ કરાયો છે. સી.સી ટીવી કેમેરાની ગોઠવણ કરતી વખતે જાહેર નામા મુજબની ખાસ બાબતોનું ધ્યાન રાખવું પડશે.આ કામગીરી જાહેરનામું બહાર પડેથી સાત દિવસમાં કરવાની સુચના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ આપી છે.વધુમાં નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓએ પણ તમામની બેઠક બોલાવી આનો સંપુર્ણ પણે અમલ કરાવવાનો આદેશ કરાયો છે. અ ા ઉપરાંત સીસીટીવી કેમેરા ગોઠવણી કરતી વખતે પણ સુરક્ષાની તમામ બાબતોને આવરી લેવાઈ છે કે કેમ તેનું ખાસ ધ્યાન રાખવાનું સુચન કરાયું છે.આ જાહેરનામાનો અમલ ૦૨ મે ૨૦૧૯ સુધી રહેશે આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી હર્ષદ વોરાની અખબારી યાદીમા જણાવાયું છે

લોકસભા સામાન્યા ચુંટણી-૨૦૧૯ તથા વિધાનસભાની બે બેઠકો માટે પેટા ચુંટણી યોજાશે

માહિતી બ્યુરો, સુરેન્દ્રનગરઃ ભારતના ચુંટણી પંચે ગુજરાત રાજયની તમામ ૨૬ લોકસભાની બેઠકો માટે લોકસભાની સામાન્યય ચુંટણી-૨૦૧૯ તથા ૨૧-ઉંઝા અને ૯૧-તલાલા વિધાનસભા મતવિભાગ ની પેટા ચુંટણીઓ એક જ દિવસે તા.૨૩/૦૪/૨૦૧૯ મંગળવારના રોજ યોજવાનું નક્કિ કરેલ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ ચૂંટણી કાર્યક્રમ અનુસાર લોકસભા સામાન્ય ચુંટણી અને વિધાનસભાની બે બેઠકો માટેની પેટા ચુંટણી અંગે તારીખ ૨૮.૦૩.૨૦૧૯ના રોજ જાહેરનામું પ્રસિધ્ધં કરાશે. ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લીઅ તારીખ ૦૪/૦૪/૨૦૧૯, ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ ૦૫/૦૪/ ૨૦૧૯, ઉમેદવારી પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૦૮/૦૪/૨૦૧૯ રહેશે. લોકસભા સામાન્યશ ચુંટણી-૨૦૧૯ તથા વિધાનસભાની બે બેઠકોની પેટા ચુંટણી માટે મતદાનની તારીખ ૨૩.૦૪.૨૦૧૯ રહેશે. મતગણતરી તા.૨૩.૦૫.૨૦૧૯ના રોજ કરવામાં આવશે અને ૨૭.૦૫ .૨૦૧૯ ના રોજ ચૂંટણી પ્રક્રિયા પુરી થશે. ભારતના ચુંટણી પંચ તરફથી લોકસભાની સામાન્ય. ચુંટણી તથા વિધાનસભાની બે બેઠકોની પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત તારીખ ૧૦/ ૦૩/૨૦૧૯ કરવામાં આવતા તારીખ ૧૦/૦૩/૨૦૧૯થી આદર્શ આચારસંહિતા અમલી બને છે. લોકસભાની સામાન્ય ચુંટણી તથા વિધાનસભાની બે બેઠકોની પેટા ચુંટણી અર્થે EVMનો તથા તમામ મતદાન મથકે VVPAT નો ઉપયોગ કરવામાં આવશે તેમજ મતદાન અર્થે મતદાન મથકે આવનાર મતદારની ઓળખ પ્રસ્થામપિત થાય તે માટે મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) નો ઉપયોગ કરવામાં આવશે.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષી પાલનપુર ખાતે પ્રિન્ટીંગ પ્રેસના માલિકો સાથે બેઠક યોજાઈ

(માહિતી બ્યુસરો પાલનપુર) લોકસભા સામાન્ય ચૂંટણીની તા. ૧૦ માર્ચ-૨૦૧૯ ના રોજ જાહેરાત થતાં સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષી પાલનપુર કલેકટર કચેરી ખાતે ખર્ચ નિયંત્રણના નોડલ અધિકારીના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લાના પ્રિન્ટીંગ પ્રેસના માલિકોની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રિન્ટીંગ પ્રેસના માલિકોને ચૂંટણી સંબંધી સુચનાઓ આપતાં જણાવવામાં આવ્યું કે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૭-ક ની જરૂરીયાતો દર્શાવી તેના ઉલ્લંઘન માટે આ કાયદા હેઠળ પ્રિન્ટીંગ પ્રેસનું લાયસન્સ રદ કરવા સહિતના કડક પગલાં લેવામાં આવશે. ચૂંટણી અંગેની પુસ્તિકાઓ, પોસ્ટરો, ચોપાનીયા અને પ્રેસ દ્વારા પ્રિન્ટ કરેલી આવી અન્ય સામગ્રી પ્રિન્ટ અને પ્રકાશકના નામ અને સરનામાં પ્રિન્ટ લાઈનમાં સ્પષ્ટક રીતે દર્શાવવાની સુચના પ્રેસના માલિકોને આપવામાં આવી છે. મુદ્રિત સામગ્રીની નકલ અને પ્રકાશકનું એકરારનામું મુદ્રકે જિલ્લા ચૂંટણી અધીકારીને મોકલાવાનું છે અને જો રાજયના પાટનગરમાં તેનું મુદ્રણ કરવામાં આવ્યુ હોય તો એવાં મુદ્રણના ત્રણ દિવસની અંદર તે મુખ્ય નિર્વાચન અધિકારીને મોકલવાનું રહેશે. ચૂંટણી પંચ દ્વારા પત્રિકાઓ, પોસ્ટરો વગેરે છપાવવા ઉપર પણ જરૂરી નિયંત્રણ મુકવામાં આવ્યા છે. કોઈપણ વ્યક્તિ, ચૂંટણીને લગતી જે પત્રિકાઓ અથવા પોસ્ટરો ઉપર તેના મુદ્રક અને પ્રકાશકનાં નામ અને સરનામાં ન હોય તેવી કોઈ પત્રિકા અથવા પોસ્ટર છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહી. પત્રિકાઓ અને પોસ્ટર પર પ્રકાશક અને મુદ્રકનું નામ સરનામું એટલાં માટે જરૂરી છે કે કોઈ બાબત ગેરકાયદેસર હોય, લાગણી દુભાય તેવું હોય અથવા ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને અસર કરે તેવું વાંધાપાત્ર હોય કે વિરોધીઓના ચારિત્ર્યનું હનન કરે એવું કઈ ધરાવતો દસ્તાવેજ હોય તો તે વ્યક્તિ સામે શિક્ષાત્મક પગલાં લઈ શકાય. પ્રિન્ટીંગ પ્રેસના માલિકોને ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ સુચનાઓ અને તેમને અનુસરવાની કાર્યવાહીથી વાકેફ કરવામાં આવ્યા હતાં.

હોટલ ગેસ્ટ હાઉસ માલિકોએ નિયમોનું પાલન કરવા આદેશ

માહિતી બ્યુરો, મહેસાણા, મહેસાણા જિલ્લામાં શહેરી વિસ્તાર માં તેમજ આંતરીયાળ વિસ્તારમાં આવેલ ગેસ્ટ હાઉસ તથા હોટલોમાં માલિકો નિયમોનું સુચારૂ પાલન કરવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાએ આપેલ છે.જેમાં પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતા દરેક હોટલ,ગેસ્ટ હાઉસ વિગેરે એકમોમાં રહેવા આવનાર દરેક પુખ્ત મુસાફરની તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરી-કરાવડાવી તથા તમામ મુસાફરની સહી લેવાની રહેશે, રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહે છે,પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતા દરેક હોટલ-ગેસ્ટ હાઉસ વિગેરે એકમોના રીશેપ્શન કાઉન્ટર ઉપર લખાવવી તેમજ હોટલ-ગેસ્ટ હાઉસમાં રહેવાની સગવડ આપતા રીસેપ્શન કાઉન્ટર ઉપર મુસાફરના ઓળખકાર્ડ,ચૂંટણીકાર્ડ,ડ્રાઈવીંગ લાયસન્સ,કચેરીનું ઓળખ કાર્ડ, પાસપોર્ટ,વૈકલ્પિક ઓળખના પુરાવાઓ વિગેરે માંગણી કરી ઝેરોક્ષ નકલ લીધા બાદ હોટલમાં પ્રવેશ આપવો,પ્રવાસીઓની રહેવાની સુવિધા આપતા દરેક હોટલ-ગેસ્ટ હાઉસ વિગેરે એકમોમાં આવતા પ્રવાસી ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે.દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ ટેલીફોન નંબર,મોબાઈલ નંબર તેમજ પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતા હોટલ,ગેસ્ટ હાઉસ વિગેરે એકમોની નજીકના સ્થળે રહેતા મુસાફરના પરીચિત-સગા ઓળખીતાનું નામ, સરનામું, મોબાઈલ નંબરની વિગતોઆ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે અંગેની જવાબદારી સંબધિત એકમના સંચાલકને નિયત કરવામાં આવે છે.મુસાફરના ઓળખ કાર્ડ,ચૂંટણી કાર્ડ,ડ્રાઈવીંગ લાયસન્સ,કચેરીનું ઓળખ કાર્ડ,પાસપોર્ટ વૈકલ્પિક ઓળખના પુરાવાઓ વિગેરીની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી રહેવાની સુવિધા આપતા દરેક હોટલ-ગેસ્ટ હાઉસ વિગેરે એકમોના દફતરે તારીખ વાઈઝ રાખવાની રહશે દરેક હોટલો આ સુચનાઓનું પાલન કરે છેકે કેમ તે અંગે ૧૫ દિવસમાં એકવાર ઓચિંતી તપાસ સંબધિત પોલીસ સ્ટેશન અધિકારીએ કરવાની રહેશે.હોટલ માલિકોએ શંકાસ્પદ વ્યક્તિની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

લાઉડ સ્પીકર વગાડવા નિયમોનું પાલન કરવા આદેશ

માહિતી બ્યુરો, મહેસાણા, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧)(એન) તથા કલમ ૩૩ (૧) (આર) (૩) થી મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના લોકસભા મતવિસ્તારમાં ૩૧ મે ૨૦૧૯ સુધી રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાએ નિયમોનુ પાલન કરવા આદેશ કર્યો છે. જેમાં કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહિ.લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રીની અગાઉ લેખિત પરવાનગી મેળવીને લાઉડ સ્પીકર સવારના ૦૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ,જોખમ,ભય અથવા નુંકશાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે.પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગી સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ,શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ,સ્કૂલ કે દવાખાનાના આવેલ હોય તો સદરહુ કચેરીઓ,સંસ્થાઓની કામગીરીમાં કોઈ પણ દખલગીરી ન થાય તેવી રીતે તદન ધીમા અવાજથી વગાડવાનું રહેશે તમે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ હર્ષદ વોરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ખેડા જિલ્લામાં આદર્શ આચાર સંહિતાનો ચુસ્ત અમલ સરકારી અને ખાનગી ઈમારતો પરથી ૬૬૫ જેટલા પોસ્ટર બેનર્સ હટાવાયા

માહિતી બ્યુરો, નડિયાદ- લોકસભાની સામાન્ય્ ચૂંટણી અન્વ યે ખેડા જિલ્લામાં જિલ્લી ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચાર સંહિતાનો ચુસ્ત્ અમલ કરવામાં આવી રહયો છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રાજકીય પક્ષોના પોસ્ટ ર, બેનર્સ, લખાણો હટાવવાની કામગીરી જિલ્લાોના દશ નગરપાલિકા વિસ્તાઆર તેમજ તાલુકા કક્ષાએ ટીમો બનાવી ચૂંટણી જાહેર થતાની સાથે જ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીના ભાગરૂપે જાહેર મિલ્કજતો ઉપર જોવા મળેલ ૨૩ ભીત લખાણો, ૧૩૧ પોસ્ટાર, ૧૩૦ બેનર્સ તથા અન્યશ ૩૩૮ પ્રકારની સામગ્રી હટાવવામાં આવી છે. જયારે ખાનગી મિલ્કેત પરથી ૧૨ ભીત લખાણો, ૨૪ પોસ્ટતર બેનર્સ તેમજ ૭ પ્રકારની પ્રચારાત્મ ક સામગ્રી હટાવવામાં આવી હતી. આ કુલ ૬૬૫ જેટલા પોસ્ટ ર-બેનર્સ હટાવવામાં આવ્યામ હતા. આદર્શ આચાર સંહિતાના અસરકારક અમલીકરણ માટે મુખ્યટ નોડલ અધિકારીની જવાબદારી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીતના નિયામકશ્રી કે.ડી.લાખાણીને સોંપવામાં આવી છે.

વિસનગર ખાતે સબજેલમાં કેદીઓને રાંધેલો ખોરાક આપવા ટેન્ડર બાબત

માહિતી બ્યુરો, મહેસાણા, વિસનગર તાલુકા અને શહેરના તમામ લોજ-હોટલ માલિકો તથા જેલ કોન્ટ્રાકટર રાખવા ઈચ્છતા તમામ ઈસમોને ખબર આપવામાં આવે છે સને ૨૦૧૯-૨૦ના વર્ષ માટે સબજેલ વિસનગર ખાતે આવતા તમામ કેદીઓને રાંધેલો ખોરાક (ભોજન) સબજેલ ઉપર આવીને પુરો પાડવા અંગે વાર્ષિક કોન્ટ્રાકટ શરતોને આધિન જેલ મેન્યુઅલ અને સરકારશ્રીના હુકમો મુજબ અમલ થાય તેને આધિન સબ જેલ વિસનગરના પ્રત્યેક કેદીને પ્રત્યેક ભોજનના ભાવ-પત્રક સીલબંધ કવરમાં માત્ર રજિસ્ટર પોસ્ટ એડીથી ૧૯ માર્ચ ૨૦૧૯ સુધીમાં મામલતદાર કચેરી વિસનગર ખાતે મોકલી આપવાના રહેશે. આ અંગેની વધુ માહિતી માટે સબજેલ

ડીઆરઆઈ દ્વારા ૨૦ કરોડની વિદેશી વસ્તુઓ જપ્ત કરાઈ

(જી.એન.એસ.)સુરત,તા.૧૨ સચિન વિસ્તારમાં ઇનલેન્ડ કન્ટેનર ડેપોમાં ડીઆરઆઈ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. વિદેશી ઘડિયાળ, બુટ, કોસ્મેટિક્સ, આંતરવસ્ત્રો વગેરે જપ્ત કરવામાં આવ્યા છે. હાલ ડીઆરઆઈ દ્વારા ૬૧૮ કાર્ટૂન જપ્ત કરવામાં આવ્યા છે. જેની કિંમત અંદાજે ૨૦ કરોડ થાય છે. જ્યારે આ સમગ્ર મામલે અત્યાર સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. મળતી વિગતો પ્રમાણે, ડીઆરઆઈના અધિકારીઓ દ્વારા સચિન વિસ્તારમાં આવેલા ઇનલેન્ડ કન્ટેનર ડેપો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અંદાજે ૬૧૮ કાર્ટૂન જપ્ત કરવામાં આવ્યા છે અને તેમાંથી વિદેશથી આયાત કરવામાં આવેલા કોસ્મેટીક સર સામાન, મહિલાઓના આંતરવસ્ત્રો, શુઝ, કિંમતી ઘડિયાળો વિગેરે મળીને અંદાજે રૂપિયા ૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. હાલમાં ડીઆરઆઇ દ્વારા આ તમામ ચીજ વસ્તુઓ જપ્ત કરી અને તેને મંગાવનારા કોણ હતા તેની તપાસ કરવામાં આવી રહી છે તેમજ જો ડ્યૂટી ચોરીનો અથવા તો અન્ય કોઇ ગેરરીતીની વાત સામે આવશે તો ડીઆરઆઇ દ્વારા આ મામલે વધુ પગલાં ભરવામાં આવશે

એલસીબીએ ૩.૬૦ લાખનો ગાંજો જપ્ત કર્યો, ૪ની ધરપકડ

(જી.એન.એસ.)સુરત,તા.૧૨ ઓલપાડના સાયણ ગામ ખાતે એલસીબીએ બાતમી આધારે દરોડા પાડ્યા હતા. અને ગાંજાના જથ્થા સાથે ચારને ઝડપી પાડ્યા હતા. એલસીબીએ આરોપીઓ પાસેથી કુલ ૩.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. એલપાડના કારેલી ગામ ખાતે આવેલી સિદ્ધી રેસીડેન્સીમાં સુરત ખાતે ભાડાના મકાનમાં રહેતા ચાર ઈસમો ગાંજો લાવીને વેચાણ કરતા હોવાની એલસીબીને બાતમી મળી હતી. બાતમી આધારે ટીમ બનાવી રેડ કરવામાં આવી હતી. જેમાં ઉપેન્દ્ર સુદર્શન પ્રધાન, પ્રભાકર બિદેશ મુન્ની, ભગવાન દંડયાન પોઈડા અને અજીત ગૌડાને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. એલસીબીએ આરોપી પાસેથી ૫૪.૦૪ કિલો ગાંજાનો જથ્થો કિંમત ૩.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ત્રણ આરોપીઓને વોન્ટેટ જાહેર કર્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી ઉપેન્દ્ર બે મહિનાથી આ ધંધો કરતો હતો.અને તેલંગાણા રાજ્યાના કાંચીગુડા ખાતે રહેતા ઈમરાન નામના ઈસમ પાસેથી ગાંજો લાવી અન્ય આરોપીઓ સાથે મળી વેચાણ કરતો હતો. આરોપીઓ સુરતના અશ્વિનીકુમાર ખાતે ગાંજો આપવાનું કામ કરતા હતા. ગાંજાના વેચાણથી મળેલી રકમ સરખા ભાગે વહેંચી લેતા હતા.

ટ્રેલર અને પિક અપ ગાડી વચ્ચે અકસ્માતમાં એકનું મોત

(જી.એન.એસ.)ધુલિયા,તા.૧૨ ગુજરાતની સરહદે આવેલા મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના સાક્રીમાં સવારે ટ્રેલર-ટ્રક અને પિક અપ ગાડી વચ્ચે ગમખ્વાર એક્સિડન્ટ સર્જાયો હતો. જેમાં પીક અપના ડ્રાઈવરનું મોત નીપજ્યું હતું. જ્યારે રસ્તા પર ઉભેલો એક વ્યક્તિ બચી ગયો હતો. એક્સિડન્ટના સમગ્ર દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયાં હતાં. સાક્રીની રામ હોટેલ નજીક અકસ્માતમાં સર્જાયો છે. સીસીટીવીના દ્રશ્યો મુજબ મહારાષ્ટ્ર રાજ્યના પરિવહન નિગમની બસ ધુલિયાથી સાક્રી તરફ જઈ રહી હતી. ત્યારે બસ પેસેન્જર માટે ઉભી રહી હતી. ત્યારે ઉભેલી બસને ક્રોસ કરવા જતાં સામેથી આવી રહેલા પિક અપ વાન સાથે ટ્રેલર અથડાયું હતું. ધડાકાભેર સર્જાયેલા એક્સિડન્ટમાં પિક અપ વાનના ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે નજીકની હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના અંગે સાક્રી પોલીસ તપાસ કરી રહી છે.

કુટણખાનાનો પર્દાફાશ.. ૩ ગ્રાહકોની ધરપકડ, મહિલા સંચાલિકા ફરાર

(જી.એન.એસ.)જુનાગઢ,તા.૧૨ વહેલી સવારે પોલીસે કુટણખાનાનો પર્દાફાશ કર્યો હતો અને ૩ ગ્રાહકોની ધરપકડ કરી હતી. જો કે કુટણખાનાની સંચાલિકા મહિલા નાસી ગઈ હતી.પોલીસે સ્થળ પરથી ૧૫ હજાર રોકડા સહિત ૩ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી હતી. કુટણખાનાની સંચાલિકા કિરણ સેતા ફરાર:ઘટનાની વિગત અનુસાર જૂનાગઢમાં બાયપાસ પર ટ્રેકટરનાં શોરૂમ પાછળ આવેલા શ્યામ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતી કિરણ હરેશ સેતા નામની મહિલા દેહ વેપારનો ધંધો કરતી હોવાની બાતમી મળતાં પોલીસે વહેલી સવારનાં ત્રણ વાગ્યે રેડ પાડી હતી. આ કાર્યવાહી દરમિયાન કુટણખાનાની સંચાલિકા કિરણ સેતા હાજર મળી આવી ન હતી. પરંતુ ગ્રાહકો ફિરોજ આમદ સીડા, નિલેશ નાથા શ્રીમાળી અને સેજાદ મહમદ લાખાની ધરપકડ કરી હતી. આ કાર્યવાહીમાં કેટલીક મહિલા-યુવતિ પણ મળી આવેલ છે પરંતુ તેને પોલીસે સાક્ષી તરીકે રાખીને પકડાયેલા શખ્સો અને ફરાર મહિલા વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ચાલુ કારમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા દોડધામ મચી

(જી.એન.એસ.)સુરત,તા.૧૨ વરાછા-હીરા બાગ બ્રિજ પર ચાલુ કારમાં અચાનક આગ લાગી જતા ચાલક સહિત અન્ય મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા. સોમવારની રાત્રે બ્રિજ પર સળગતી કારને દોડતી જોઈ લોકો આશ્ચર્યમાં પડી ગયા હતા. જોકે, આગની જાણ થતાં જ ચાલકે કાર બ્રિજ ઉપર જ રોડ બાજુએ ઉભી કરી તમામને હેમખેમ બહાર કાઢી બર્નિંગ કારની આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ત્યારબાદ તાત્કાલિક ફાયરના જવાનો દોડી આવતા કારના બોનેટમાં લાગેલી આગને કાબુમાં લેવાતા તમામે રાહતનો દમ લીધો હતો. ફાયર વિભાગે જણાવ્યું હતું કે, રાત્રે લગભગ ૧૦:૧૫ મિનિટની ઘટના હતી. એસન્ટ કારમાં આગ લાગી હોવાના કોલ બાદ ફાયરના જવાનો દોડી ગયા હતા. કારના બોનેટમાં લાગેલી આગને ગણતરીની મિનિટોમાં કાબુમાં લેવાઈ ગઈ હતી. તપાસ બાદ કારમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું બહાર આવ્યું હતું. કાર માલિક ભાવેશભાઈ નાગજીભાઈ મેઘાણી હોવાનું અને કાર નંબર જીજેપએફ ૭૪૯૨ હોવાનું બહાર આવ્યું હતું.

ભાજપે રાજીનામાની વાત ઉડાવી, હું કોંગ્રેસ ક્યારેય નહિ છોડું: એમએલએ અરેઠિયા

(જી.એન.એસ.)કચ્છ,તા.૧૨ રાપરના કોંગ્રેસના મહિલા ધારાસભ્ય સંતોકબેન અરેઠિયાએ રાજીનામું આપી દીધાના અહેવાલ અંગે ખુદ ધારાસભ્યએ સ્પષ્ટતા કરી છે. તેમણે એક વીડિયો જાહેર કરીને કહ્યું છે કે, તેઓ કોંગ્રેસ સાથે જ જોડાયેલા છે. સામે આવેલા વીડિયોમાં સંતોકબેન કહી રહ્યા છે કે, "હું કોંગ્રેસ પાર્ટીમાં જ છું અને કોંગ્રેસમાં જ રહેવાની છું. મેં ધારાસભ્ય પદેથી રાજીનામું નથી આપ્યું. ભાજપ મારા રાજીનામા અંગે ખોટી વાતો ફેલાવી રહી છે. ભાજપના લોકો ખોટા પત્તા ઉડાવી રહ્યા છે, પરંતુ હું કોંગ્રેસ છોડીને ક્યારેય નથી જવાની." ઉલ્લેખનીય છે કે સોમવારે જામનગર ગ્રામ્યના ધારાસભ્ય વલ્લભ ધારવિયાએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું તેમજ ભાજપમાં જોડાયા હતા. મંગળવારે કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક મળી ત્યારે રાપના કોંગ્રેસના ધારાસભ્યએ રાજીનામું આપ્યાની અફવા ઉડી હતી. સંતોકબેને રાજીનામું આપી દીધાના અહેવાલ વચ્ચે તેમના પરિવારે રાજીનામું આપ્યાની વાત ફગાવી દીધી હતી. બીજી તરફ વિધાસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ પણ પ્રાથમિક અહેવાલ બાદ જણાવ્યું હતું કે, હજુ સુધી તેમને રાજીનામું મળ્યું નથી.

આજથી હોળાષ્ટકનો પ્રારંભ, લગ્ન સહિતના શુભ કાર્યોને બ્રેક લાગશે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૨ ૧૩ માર્ચથી હોળાષ્ટકનો પ્રારંભ થઈ રહ્યો છે, જે ૨૦ માર્ચ સુધી રહેશે. જેના કારણે હોળાષ્ટક દરમિયાન લગ્ન સહિતના વિવિધ પ્રકારના શુભ કાર્યોને બ્રેક લાગશે. આ ઉપરાંત ૧૪ માર્ચથી મીનારક કમુરતાંનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. મીનારક કમુરતાં એક મહિનો એટલે કે ૧૪ એપ્રિલ સુધી રહેશે. આ સમય દરમિયાન પણ લગ્નો નહીં થઈ શકે.પરંતુ આ કમુરતાંના સમયનો લાભ લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોને ફળી જશે. ૧૭ એપ્રિલથી લગ્નસરાની સિઝન શરૂ થઈ રહી છે તેથી માત્ર એક સપ્તાહ સુધી થોડો ફર્ક પડશે. શિયાળુ લગ્નોત્સવમાં બુધવાર ૧૩ માર્ચ અંતિમ મુહૂર્ત છે આગામી તા.૧૪ માર્ચને બુધવારના રોજ સૂર્યનો મીન રાશિમાં પ્રવેશ થવાનો છે. સૂર્યના મીન રાશિમાં પ્રવેશને મીનારક કમુરતાં કહેવામાં આવે છે. મંગળવારથી આ મીનારક કમુરતાં શરૂ થતાંની સાથે લગ્ન, વાસ્તુ, ગૃહ પ્રવેશ તથા દેવ પ્રતિષ્ઠા ઇત્યાદિ શુભ કાર્યો આ સમયગાળા દરમિયાન થશે નહી. એકાદ માસ સુધી આ કમુરતાં ચાલશે અને તેનો અંત ૧૪ એપ્રિલ,૨૦૧૮, ચૈત્ર વદ-૧૩ના રોજ આવશે. મીનારક કમુરતાંના આ એક માસના સમયગાળા દરમિયાન સૂર્યની ઉપાસના વિશેષ ફળદાયી અને પરિણામલક્ષી બને છે. આ સમય દરમિયાન વાગ્દાન (વચનથી બંધાવવું), સીમંત, રાંદલ તેડવા, સત્યનારાયણ ભગવાનની કથા અને શ્રાદ્ધ કર્મ તથા અન્ય ધર્મકાર્યો, દાન-પુણ્ય, બ્રહ્મ ભોજન કરવા કે કરાવવામાં કોઇ પણ પ્રકારનો નિષેધ નડતો નથી.

ડિપ્રેશનમાં આવી ધો-૧૦ના વિદ્યાર્થીએ આપઘાત કરતા ખળભળાટ

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૨ વડોદરા શહેર નજીક આવેલા કપુરાઇ ગામમાં ધો-૧૦ના વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાના ડિપ્રેશનથી કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી છે. પરીક્ષાના ડિપ્રેશનને કારણે વડોદરામાં માત્ર ૪ દિવસમાં ૩ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો છે. બોર્ડ પરીક્ષા શરૂ થયા બાદ ૮ માર્ચના રોજ ધો-૧૨ સાયન્સના વિદ્યાર્થીએ પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે ૮ માર્ચે જ ધો-૧૨ની કોમર્સની એક્સ સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપનાર યુવાને ગળે ફાંસો ખાઇને આપઘાત કર્યો હતો. વડોદરા શહેર પાસે આવેલા કપુરાઇ ગામમાં આવેલા રામદેવ ફળીયામાં રહેતો ઓમકુમાર રણજીતભાઇ પરમાર(૧૮) ધો-૧૦ની બીજા ટ્રાયલની પરીક્ષા આપી રહ્યો હતો. સાંજે ૭ વાગે પરિવારના સભ્યો ઘરમાં હાજર હતા. તે સમયે ઓમકુમાર અચાનક જ ઘરની બહાર નીકળ્યો હતો. અને ઘરની નજીક જ આવેલા ૬૦થી ૭૦ ફૂટ ઊંડા કુવામાં તે કુદી ગયો હતો. આ સમયે કુવા પાસે બેઠેલા લોકોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેને બચાવી શકાયો ન હતો. જેથી ગામ લોકોએ તુરંત જ ફાયરબ્રિગડ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પરિવાજ નો દોડી ગયા હતા. અને વરણામા પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઇ હતી. ઓમકુમાર મંગળવારે ગણિતનું પેપર આપવાનો હતો. તેની પહેલા જ તેને આપઘાત કરી લીધો હતો. ઓમકુમારના પિતા રણજીતભાઇ પરમાર વડોદરા મહાનગરપાલિકાની ફાઇલેરિયા શાખામાં ફરજ બજાવે છે. જ્યારે તેનો મોટો ભાઇ પ્રકાશ પારૂલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરે છે.

૧૧ વર્ષની સગીરાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૨ જેતપુરમાં ૧૧ વર્ષની દીકરી ઘરમાં એકલી હતી ત્યારે તેને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. જો કે દિકરીની કોઈએ હત્યા કરી હોવાની આશંકા પરિવારે વ્યક્ત કરી છે. જેથી દિકરી હીના રાઠોડના મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે ખસેડવામાં આવ્યો છે અને સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. ઘટનાની વિગત અનુસાર ૧૧ વર્ષની હીના રાઠોડ સાંજે ઘરમાં એકલી હતી. જ્યારે પરિવારજનો સંબંધીને ત્યાં અંતિમવિધીમાં ગયા હતાં. માતા જ્યારે ઘરે પરત ફર્યા ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો હતો. અંદર આવતાં જ દિકરીને લટકતા જોઈ માતાએ બુમાબુમ કરી હતી. જેથી આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને ૧૦૮ને જાણ કરી હતી. જો કે દિકરીનું સ્થળ પર જ મૃત્યુ થઈ ગયું હતું જેથી પોલીસે ઘટનાસ્થળે જ પંચનામુ કરી મૃતદેહને પીએમ માટે જેતપુરની હોસ્પિટલમાં ખસેડ્યો હતો.પરંતુ માસુમ હીનાની કોઈએ હત્યા કરી હોવાની શંકા સ્વજનોએ દર્શાવતા પોલીસે મૃતદેહને રાજકોટની ફોરેન્સિક લેબમાં ખસેડવામાં આવ્યો હતો. હીનાના માતાના જણાવ્યા અનુસાર હીનાને આપઘાત કરવો પડે તેવું કોઇ કારણ જ નહોતું. છ ફુટ સુધી ઉંચે તેણે ખીલામાં ચુંદડી કઇ રીતે બાંધી? જો જાતે ફાંસો ખાધો હોય તો હીનાના વજનને કારણે કદાચ ખીલો પણ ભીંતમાંથી ખેંચાઇને નીકળી જાય તેવી શકયતા છે. વળી મૃતદેહના પગ નીચે જમીનને અડકેલા હતાં. આ બધા મુદ્દાઓને જોઇ પરિવારજનોએ બનાવ શંકાસ્પદ જણાવતાં પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

રાજ્યનો સૌથી મોટો સ્કલ્પચર પાર્ક વડોદરામાં બનશે

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૨ વડોદરા શહેરના હરણી તળાવ કિનારે રાજ્યનો સૌથી મોટો શિલ્પ પાર્ક ૫ એકરમાં તૈયાર થઇ રહ્યો છે. તેમાં ૪૦ શિલ્પો મુકાઇ રહ્યાં છે. આ તમામ શિલ્પો ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને આર્ટિસ્ટસોએ તૈયાર કર્યા છે. જુલાઇ-ઓગસ્ટમાં આ પાર્ક તૈયાર થઇ જશે. પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગના ડાયરેક્ટર વી.આર.ચિખલિયાએ જણાવ્યું કે, ' શિલ્પો ઇન્સ્ટોલ થઇ રહ્યાં છે અને હાલમાં પાર્કની માત્ર ૩૦ ટકા કામગીરી જ બાકી રહી છે. પાર્કની જમીનમાં કુદરતી રીતે જ તૈયાર થયેલા બે તળાવોને યથાવત્ રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત ગજેબો મૂકાયા છે.' સમબડી વોચિંગઃ તમારા પર સતત કોઇની નજર છે એવું આ શિલ્પ બતાવે છે. સીસીટીવી કેમેરાની થીમ રાખી છે. આ શિલ્પ ૧૫ ફૂટ ઊંચું છે અને વજન ૧૦૦ કિલોગ્રામ જેટલું છે.' ટુ ડિયર્સઃ આ શિલ્પને સ્કલ્પચર પાર્કને ધ્યાનમાં રાખીને જ તૈયાર કર્યું હતું. હરણ એ પાર્કની અનિવાર્યતા હોય છે. આ શિલ્પને પાઇપ્સથી તૈયાર કરાયું છે. તેની ઊંચાઇ ૯ ફૂટ અને દરેકનું વજન ૨૨૫ કિલો છે. ગ્લેમરઃ આ શિલ્પમાં ગ્લેમરનો પાવર બતાવ્યો છે. એક ધનિક અને ફેશનેબલ યુવતીની બેસવાની બિન્દાસ્ત અદાને દર્શાવી છે. શિલ્પને ૨૦૦૦ સિક્કામાંથી તૈયાર કરાયું છે. લંબાઇ ૧૦ ફૂટ, ઊંચાઇ ૬ ફૂટ છે. વજન ૫૦ કિલો છે.' ટેકઃ બુલડોઝરને આર્ટિસ્ટિક ટચ આપીને ટેક્નો લૂક આપવાનો પ્રયાસ કર્યો છે. આ માટે તેની મશીનરીથી માંડીને અનેક સુધારા કરવા પડ્યાં છે. આ શિલ્પની લંબાઇ ૮ ફૂટ અને વજન ૫૦૦૦ કિલોની આસપાસ છે.

એસટી ડેપોના સ્ટોર ક્લાર્કને સસ્પેન્ડ કરવાની ધમકી મળતા ફિનાઈલ ગટગટાવ્યું

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૨ જસદણ એસટી ડેપોના સ્ટોર ક્લાર્કને ડેપો મેનેજર દ્વારા વારંવાર ખોટી રીતે નોટીસો આપી માનસિક ત્રાસ અપાતો હોવાથી પોતાની જ ઓફિસમાં ફિનાઈલ ગટગટાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. બનાવની જાણ થતા અન્ય સ્ટાફે તાત્કાલિક સ્ટોર ક્લાર્કને જસદણની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ બનાવની જાણ થતા જસદણ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક હોસ્પીટલે દોડી આવ્યો હતો અને દર્દીના ખીચામાંથી મળી આવેલ સ્યુસાઈડ નોટના આધારે દર્દીનું નિવેદન લઈ આગળની કાર્યવાહી આરંભી હતી. હું છ-સાડા છ વર્ષથી બે ટેબલનું કામ કરું છું. મારાથી જેટલું શક્ય હોય તેટલું કામ કરતો હતો. તેમ છતાં મને ડેપો મેનેજર દ્વારા તેમજ જ્યારે વિભાગીય કચેરીના અધિકારીઓ ઈન્સ્પેકશન વખતે આવે ત્યારે બદલી કરી નાખશું, સસ્પેન્ડ કરી નાખીશું વગેરે ધાકધમકીઓ આપી મને માનસિક ત્રાસ આપી સતત ટોર્ચર કરવામાં આવતો હતો. મારા એકલાથી બંને ટેબલનું કામ થઈ શકતું નથી તેવું વારંવાર જણાવવા છતાં મને માનસિક ટોર્ચર કરવામાં આવતો હતો એટલે મેં ફિનાઈલ પી લીધું છે. જો કે આ બનાવમાં જસદણ એસટી ડેપોના મેનેજર સ્ટોર ક્લાર્કને ખોટીરીતે હેરાન કરવા ખોટા રીપોર્ટ કરી માનસિક ત્રાસ આપતા હોવાથી આ પગલું ભર્યાનું દર્દીએ જણાવ્યું હતું.

એરપોર્ટ-રેલવે સ્ટેશને ચૂંટણી દરમ્યાન નાણાંની હેરાફેરી પર વોચ રખાશે

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૨ લોકસભા ચૂંટણીની જાહેરાત થતાં જ હવે આચારસંહિતા અમલી બની છે ત્યારે આવકવેરા વિભાગ અને જિલ્લા કલેક્ટરની ફ્લાઈંગ સ્કવોડ પણ હવે કાળાં નાણાંની જંગી હેરફેર સહિત સુરક્ષા-વ્યવસ્થાના મામલે સક્ષ બન્યાં છે. ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શહેરમાં ૭૦થી વધુ ચેકિંગ પોસ્ટ શરૂ કરાઈ છે. ચૂંટણીમાં મતદારોને રૂપિયા આપીને રીઝવવાના તમામ પ્રયાસ નિષ્ફળ બનાવવા માટે સક્રિય બનેલી સ્કવોડ ચૂંટણીમાં મતદારોને નાણાં વહેંચવા, દારૂ વહેંચવો તેમજ બીજી ભેટ-સોગાદ આપવી એ બાબતે ખાસ વોચ રાખશે, જેથી અમદાવાદ જિલ્લા કલેક્ટર અને આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિગેશન ટીમ અને ફ્લાઈંગ સ્કવોડ દ્વારા પણ શહેરના એસટી સ્ટેશન, રેલવે સ્ટેશન, એરપોર્ટ તથા પ્રાઈવેટ લક્ઝરીઓનાં સ્ટેન્ડ પર ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઉપરાંત હાઈવે ચેકપોસ્ટ અને આંગડિયા પેઢી પર ખાસ નજર રખાશે અને ત્યાંથી થતી નાણાંની હેરાફેરી પર વોચ રખાશે. શહેરમાં ચૂંટણી દરમિયાન મોટા પ્રમાણમાં કાળું નાણું આવતું હોઈ તેને પકડી પાડવાની જવાબદારી ફ્લાઈંગ સ્કવોડને સોંપવામાં આવી છે, જેથી સ્કવોડના સભ્યો અમદાવાદમાં પ્રવેશતી તમામ જગ્યાઓ પર ચાંપતો બંદોબસ્ત રાખશે. ઉપરાંત ત્યાંથી પસાર થતી વ્યક્તિઓ પૈકી જેના પર શંકા હશે તેમની તપાસ કરશે.

કોંગ્રેસી નેતા દિનશા પટેલે ચૂંટણી નહીં લડવાની કરી જાહેરાત

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૨ ગુજરાતમાં મંગળવારે ૫૮ વર્ષ બાદ કોંગ્રેસની સીડબ્લ્યુસીની બેઠક થઈ. આ બેઠકમાં કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓ હાજરી આપી. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધી પણ એક સાથે અહીં જોવા મળ્યા. અમદાવાદ ખાતે આવેલા સરદાર સ્મારક ખાતે આ બેઠક યોજાઈ. તો આ દરમિયાન કોંગ્રેસ નેતા દિનશા પટેલે ચોંકાવનારી જાહેરાત કરી હતી. દિનશા પટેલે ચૂંટણી ના લડવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે તેઓ લોકસભાની ચૂંટણી નહીં લડે, પરંતુ કોંગ્રેસ તરફથી જે પણ ઉમેદવારને ટિકિટ આપવમાં આવશે તેને તેઓ મદદ કરશે. મંગળવારે કોંગ્રેસ પોતાની સીડબ્લ્યુસીની બેઠક સરદાર સ્મારક ખાતે યોજાઈ. આ વિશે દિનશા પટેલે કહ્યું કે, "કોંગ્રેસનાં કાર્યક્રમનાં કારણે દેશનાં લોકો સરદાર સ્મારક વિશે જાણશે. સામાન્ય રીતે કોઇ નેતા અહીં આવતા નથી. ગાંધી પરિવાર અહીં આવી રહ્યો છે તેનો આનંદ છે. નરેન્દ્ર મોદી પણ ક્યારેય અહીં આવ્યા નથી. સરદાર પટેલનાં નામે હંમેશા રાજનીતિ કરવામાં આવી છે." દિનશા પટેલે કહ્યું કે રૂપિયા ૩૦ કરોડનાં ખર્ચે સરાદર સ્મારક તૈયાર કરવામાં આવ્યું, પરંતુ અહીં ક્યારેય કોઇ મંત્રી આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસની સીડબ્લ્યુસીની બેઠક આ પહેલા ૨૮મી ફેબ્રુઆરીનાં રોજ થવાની હતી, પરંતુ ભારતે પાકિસ્તાનમાં આવેલા બાલાકોટમાં કરેલી એરસ્ટ્રાઈક બાદ ઉભી થયેલી નાજુક માહોલને કારણે આ બેઠક ટાળવામાં આવી હતી.

'મેરા શહેર બદલ રહા હૈ'...અમદાવાદમાં હજુ નાગરિકો દૂષિત પાણી પીવા મજબૂર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૨ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માં આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આચારસંહિતાની અમલવારી પહેલા ભાજપના શાસકોએ કરોડો રૂપિયાના કામનાં ભૂમિપૂજન અને લોકાર્પણ કરવા સવારથી સાંજ સુધી રીતસરની દોટ લગાવી હતી. શહેરને 'મોડર્ન' અમદાવાદ બનાવવાનાં સપનાં નાગરિકોને દેખાડનાર સત્તાધીશોએ ચાલુ વર્ષના બજેટના અનેક કામ માત્ર સરકારી કાગળ પર રહ્યા હોવા છતાં આગામી વર્ષ માટે રૂ.૮૦૫૧ કરોડનું જંબો બજેટ મંજૂર કરાવ્યું છે. જો કે કડવી વાસ્તવિકતા એ છે કે, આજે પણ શહેરના નવા પશ્ચિમ ઝોન સહિતના વીસ ટકા વિસ્તારમાં તંત્ર નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી અને ગટરની સાદી સુવિધા પુરી પાડી શકયું નથી અને તેમાં પણ સત્તાવાળાઓના પાણીના લેવાતા નમૂનાની મ્યુનિસિપલ સેન્ટ્રલ લેબમાં કરાતી તપાસના આધારે પાણીમાં કલોરિનો અભાવ, ઇ-કોલાઇ બેકટેરિયા, માટી-કચરો, સ્લજની દુર્ગંધ સહિતનાં કારણોથી તે દૂષિત બનતું હોઇ સ્માર્ટ સિટી અમદાવાદમાં આજે પણ શહેરીજનો આવું દૂષિત પાણી પીવા વિવશ છે. તાજેતરમાં ભાજપના શાસકોએ પોતાના બજેટમાં 'મેરા શહેર બદલ રહા હૈ'ના સોહામણાં સૂત્ર હેઠળ અમદાવાદને 'મોડર્ન અમદાવાદ' બનાવવાની જાહેરાત કરીને ફુલગુલાબી ચિત્ર દર્શાવ્યું છે. પરંતુ આ સિક્કાની બીજી બાજુ વસમી છે. જે ગટરનાં પાણીથી ઊભરાય તો તેને ઉલેચવા ખાનગી ટેકર બોલાવવા નાગરિકોને પોતાના ખિસ્સામાંથી તગડી રકમ ચૂકવવી પડે છે તેમ છતાં સત્તાવાળાઓ આવા વિસ્તારમાંથી આકરો પાણી-ગટર વેરો વસૂલે છે. દૂષિત પાણી માટે પાણી-ગટરના નેટવર્કનો અભાવ પણ મુખ્ય કારણ છે.

ત્રણ માળનું મકાન ધરાશાયી થતા ૨ મજૂર દટાયાની આશંકા

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૨ વડોદરા શહેરના જ્યુબિલી બાગની પાછળ સરદાર ભુવનના ખાંચા પાસે મંગળવારે ત્રણ માળનું મકાન ધરાશયી થઇ ગયું હતું. ધરાશયી થયેલા મકાનમાં ૬ દુકાનો તૂટી ગઈ હતી. કલરની દુકાનમાં બિલો બનાવી રહેલા દુકાન માલિકનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનામાં બે મજૂર દટાયા હોવાની આશંકા સેવાઇ રહી છે. સરદાર ભુવનના ખાંચા પાસે આવેલા ત્રણ માળના જુના મકાનના મુખ્ય રોડની સાઇડમાં હોઝયરી, પ્રિન્ટીંગ પ્રેસ, કલર, ટેલર તેમજ કપડાંની દુકાનો હતી. મંગળવારે સવારે ૧૦-૪૫ વાગ્યાના સુમારે હોઝયરી, કલર તેમજ ટેલર અને કપડાની દુકાનો સમયસર ખૂલી ગઈ હતી. દુકાન માલિકો તેમજ કર્મચારીઓ પણ કામમાં વ્યસ્ત હતા. પ્રિન્ટીંગ પ્રેસમાં સમારકામ ચાલી રહ્યું હતું. આ સમયે પ્રચંડ ધડાકા સાથે મકાન તૂટી પડ્યું હતું. મકાન ધડાકા સાથે કકડભૂસ થતાં જ દુકાનોમાં કામ કરી રહેલા માલિકો અને કર્મચારીઓ દુકાનની બહાર નીકળી ગયા હતા. મકાન ધરાશયી થતાં જ રોડ પરની અન્ય દુકાનોમાં કામ કરતા કર્મચારીઓ પણ બહાર દોડી આવ્યા હતા.

હોસ્પિટલની બેદરકારીથી કેન્સરગ્રસ્ત યુવાને ઈચ્છામૃત્યુની માંગ કરી

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૨ સ્ટર્લિંગ હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યાનાં એક જ માસમાં તે જ જગ્યાએ ફરી કેન્સરનો ભોગ બનેલા યુવાને સ્ટર્લિંગ હોસ્પિટલ સામે કાયદાકીય કાર્યવાહી આરંભી છે અને વકીલ મારફત નોટિસ પણ ફટકારી છે. કોઇ જવાબ ન આવતા અને જિંદગી દુઃસ્વર લાગતા હવે ઈચ્છા મૃત્યુનો માર્ગ તેણે અપનાવવાનું વિચાર્યું છે. આ યુવાને રાષ્ટ્રપતિને ઉદ્દેશીને કલેક્ટરને રજૂઆત કરવા તેના ભાઈને મોકલ્યો હતો. ત્યારે અધિક કલેક્ટરે સમજાવીને મોકલ્યા છતાં ન માને તો અરજી સ્વીકારવાની હા પાડી હતી. ૩૫ વર્ષના દિનેશભાઈ મહિડાને મોઢાનું કેન્સર હતું. સ્ટર્લિંગ હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું અને બીજા જ મહિને ફરી ગાંઠ થઇ. ડોક્ટરે રિપોર્ટ કરાવી ઈન્ફેક્શન હોવાનું કહ્યું, જો કે તબિયત લથડતાં તે જ રિપોર્ટ અન્ય ડોક્ટરને બતા